રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER



Year : 16 | Issue : 240 | Dt. 11-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

વિપક્ષને લાગ્યું ECનું ગ્રહણ

પૂર્વ મુખ્યમંત્રીઓ-મમતા બેનર્જી, કેજરીવાલ અને પી. વિજયનની દેખાવો દરમિયાન ધરપકડ : મમતા બેનર્જીએ મોં પર બેન્ડેડ લગાવી વિરોધ કર્યો : ડેરેક ઓબ્રાયન, ડોલા સેન, સંજયસિંહ, સૌરભ ભારદ્વાજની પણ ધરપકડ

નવી દિલ્હી, તા.૧૦

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને હટાવવાની માંગ સાથે સીજેપીના કાર્યકરોએ સરકારના લોખંડી બંદોબસ્ત વચ્ચે જોરદાર વિરોધ પ્રદર્શન કરી ધરપકડ વહોરી હતી. આ દરમિયાન જુદી-જુદી વિપક્ષી પાર્ટીઓના નેતાઓએ પણ દિલ્હી સહિત દેશભરમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ કરી દેખાવો કરી ધરપકડ વહોરી હતી. આજે દિલ્હીમાં આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ, પશ્ચિમ બંગાળના પૂર્વ સીએમ મમતા બેનર્જી, કેરલના પૂર્વ સીએમ વિજયન 'આપ'ના સંજય સિંહ, સૌરભ ભારદ્વાજ હતા. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગને લઇને સીજેપી પ્રોટેસ્ટ દરમિયાન પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ અનોખો વિરોધ કર્યો હતો. તે મોં પર બેન્ડેડ લગાવી પહોંચ્યા હતા.

આ દેખાવો દરમિયાન આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી સહિતના નેતાઓની ધરપકડ કરવામાં આવી હતી. તૃણમૂલ કોંગ્રેસ પ્રમુખ અને પશ્ચિમ બંગાળની પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીની દેખાવો કરવા દરમિયાન દિલ્હીના સાઉથ એવન્યુમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેમની સાથે તેમની પાર્ટીના વરિષ્ઠ નેતા ડેરેક ઓ બ્રાયન, ડોલા સેન સહિતના નેતાઓની ધરપકડ કરી અરવિંદ કેજરીવાલ, કેરળના પૂર્વ મુખ્યમંત્રી પી. વિજયન ઉપરાંત આમ આદમી પાર્ટીના નેતા સંજયસિંહ અને સૌરભ ભારદ્વાજની ધરપકડ કરાઇ હતી.



આજે ફરી જંતરમંતર પર કૂચ કરશે CJP, અજિંક્ય શિંદે

પત્રકાર પરિષદમાં CJPના અજિંક્ય શિંદેએ જણાવ્યું હતું કે જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે ત્યાં સુધી પ્રદર્શન સમાપ્ત નહીં થાય. CJP રવિવારે ફરી એકવાર જંતર-મંતર તરફ કૂચ કરશે. દિલ્હીમાં શનિવારના વિરોધ પ્રદર્શનના ઘટનાક્રમ બાદ CJPએ સ્પષ્ટ કર્યું છે કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ જ્યાં સુધી પૂરી નહીં થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. CJP દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં અજિંક્ય શિંદેએ જણાવ્યું હતું કે રવિવારે CJP ફરી એકવાર જંતર-મંતર તરફ કૂચ કરશે. આ દરમિયાન, દિલ્હી પોલીસને CJP સહિત અનેક સંગઠનો દ્વારા જંતર-મંતર પર ફરીથી પ્રદર્શન કરવામાં આવે તેવી આશંકા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, CJP, AIYF, AISF અને SFI દ્વારા પ્રદર્શનની હાકલ કરવામાં આવી હોવાથી વિસ્તારમાં પોલીસની તહેનાતી ચાલુ રહેશે. બીજી તરફ, અટકાયત કેન્દ્રોમાં રાખવામાં આવેલી મહિલા પ્રદર્શનકારીઓ અને વરિષ્ઠ નાગરિકોને એક પછી એક મુક્ત કરવામાં આવી રહ્યા છે. જો કે ઈઉંજ્ના નેતાઓના કિસ્સામાં નિયમો અનુસાર કાનૂની પ્રક્રિયાનું પાલન કરવામાં આવશે. પોલીસે અત્યાર સુધીમાં વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા આવનાર ૩૦૦૦થી વધુ લોકોને અટકાયતમાં લીધા છે.

પ્રદર્શનકારીઓને છોડ્યા નહીં તો અનશન કરીશ : સરકારને અલ્ટિમેટમ

ભારતમાં અઘોષિત ઈમરજન્સી : વાંગચૂક

નવી દિલ્હી, તા.૧૦

દિલ્હીના જંતર મંતર પર પ્રદર્શન પહેલાં CJPના અભિજિત દીપકે, સૌરવ દાસ અને આશુતોષ રાંકાને અટકાયતમાં લેવાયા બાદ ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે દિલ્હીમાં ભારે ઘેરાબંધી અને સુરક્ષાના નામે વિરોધ કરવા પહોંચેલા લોકોની અટકાયત પર સરકાર સામે સવાલો કર્યા છે.


સોનમ વાંગચુકે કહ્યું કે- દુનિયાનું સૌથી મોટું લોકશાહી અઘોષિત ઈમરજન્સીની સ્થિતિમાં ચાલી રહ્યું છે. તેમણે આ વાત સોશિયલ મીડિયા પર ત્યારે કહી જ્યારે જંતર-મંતર પર યુવા નેતૃત્વવાળી 'કોકરોચ જનતા પાર્ટી'ના મોટા વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે કડક કાર્યવાહી કરી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયોના માધ્યમથી વાંગચુકે દિલ્હી આવી રહેલા વિદ્યાર્થી નેતાઓ, એક્ટિવિસ્ટો અને શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓને અગાઉથી જ કસ્ટડીમાં લેવા અને રોકવા પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું. જ્યારે મેં આજના વિરોધ પ્રદર્શનમાં એકતા અને શાંતિની અપીલ કરતો એક સંદેશ પોસ્ટ કર્યો હતો, ત્યારે મેં ક્યારેય વિચાર્યું ન હતું કે દુનિયાનું સૌથી મોટું લોકશાહી અઘોષિત કટોકટીના દોરમાંથી પસાર થઈ રહ્યું હશે.



વાંગચુકે કસ્ટડીમાં લેવાયેલા તમામ પ્રદર્શનકારીઓને ત્વરિત મુક્ત કરવાની માંગ કરી. તેમણે ચેતવણી આપી કે જો પ્રશાસનની સખત કાર્યવાહી ચાલુ રહેશે, તો તેમને મજબૂર થઈને નવું અનશન કે પદયાત્રા શરૂ કરવી પડશે. CJPના જંતર-મંતર પ્રદર્શનને પોતાનું પૂર્ણ સમર્થન આપતાં, વાંગચુકે સ્પષ્ટ કર્યું કે આ વખતે તેઓ દિલ્હીના વિરોધ પ્રદર્શનમાં વ્યક્તિગત રીતે સામેલ નહીં થાય. લદ્દાખ પરત ફર્યા બાદ, તેમણે જણાવ્યું કે તેઓ પર્યાવરણ સંરક્ષણના મહત્ત્વપૂર્ણ કાર્યો પર ધ્યાન આપી રહ્યા છે, ખાસ કરીને કૃત્રિમ ગ્લેશિયર બનાવવા અને ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ(GLOF)ના જોખમોનો સામનો કરવા પર કવિ ફૈઝ અહેમદ ફૈઝની પ્રખ્યાત પંક્તિઓ સંભળાવી એ, ''રાજકારણ સિવાય પણ દુનિયામાં બીજા ઘણા દુઃખો છે.'' સાથે જ, તેમણે યુવાનો અને Gen Z પ્રદર્શનકારીઓને સંપૂર્ણપણે અહિંસા જાળવી રાખવાની અપીલ કરી.

મણિપુરના કામજોંગ, કાંગપોકપી અને ઉખરુલ જિલ્લામાં કુકી-નાગા જૂથો વચ્ચે હિંસા : ૧૪ ઘરોમાં આગ લગાડાઈ પગલે પ્રતિબંધો લાગુ કરાયા

મણિપુર ફરી હિંસા, ૯ના મોત



નવીદિલ્હી તા. ૧૦

મણિપુરમાં કુકી અને નાગા સમુદાયો વચ્ચેનો તણાવ ફરી હિંસક બન્યો છે. રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન થયેલી ગોળીબારી અને હુમલામાં ૯ લોકોનાં મોત થયાં છે. મૃતકોમાં એક મહિલા, નાગા વિલેજ ગાર્ડ અને નેપાળી સમુદાયના એક વ્યક્તિનો પણ સમાવેશ થાય છે. આ દરમિયાન બંને સમુદાયોનાં ઓછામાં ઓછાં ૧૪ ઘરોમાં આગ લગાડવામાં આવી હોવાના અહેવાલ છે. ઘટનાઓ બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં તણાવ વધી ગયો છે.

હિંસાની શરૂઆત શુક્રવાર, ૯ ઓક્ટોબરની રાત્રે કામજોંગ જિલ્લાના ચસાડ ગામ નજીક થઈ હતી. અહીં ૪૨ વર્ષીય કુકી મહિલા ડોમખોની ટૌથાંગનું ગોળી વાગવાથી મોત થયું હતું. તે પાંચ બાળકોની માતા હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ચસાડ પોલીસ સ્ટેશન નજીક કથિત ગેરકાયદે બંકરો હટાવવા માટે સુરક્ષા દળોએ કાર્યવાહી શરૂ કરી હતી. આ દરમિયાન અજાણ્યા હથિયારધારીઓએ સુરક્ષાકર્મીઓ પર ગોળીબાર કર્યો હતો અને જવાબમાં સુરક્ષા દળોએ પણ ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં મહિલાને ગોળી વાગી હતી અને તેનું મોત થયું હતું. જોકે, કુકી સંગઠનોનું કહેવું છે કે ગામના સ્વયંસેવકોની ધરપકડના વિરોધમાં ચાલી રહેલા પ્રદર્શનમાં મહિલા હાજર હતી ત્યારે તેને ગોળી વાગી હતી. ઘટનાની પરિસ્થિતિ અંગે અલગ-અલગ દાવા સામે આવ્યા છે.

કામજોંગ જિલ્લામાં શનિવાર, ૧૦ ઓક્ટોબરની સવારે હિંસાની બીજી ઘટના સામે આવી હતી. નિંગચો ચિંગડોંગ ગામમાં થયેલા હુમલામાં ૨ નાગા વિલેજ ગાર્ડનાં મોત થયાં હતાં. પોલીસના જણાવ્યા પ્રમાણે, આ ગામ ચસાડ પોલીસ સ્ટેશનથી લગભગ ૧૭ કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં આવેલું છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ભારત-મ્યાનમાર સરહદ નજીક સક્રિય હથિયારધારી જૂથોની આ હુમલામાં સંડોવણી હોવાની આશંકા છે. જોકે, આ અંગે સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને તપાસ ચાલુ છે.

કાંગપોકપી જિલ્લામાં પણ હિંસાની ગંભીર ઘટના બની હતી. માકુઈ અને તાપોક ગામ વચ્ચે ઈમ્ફાલ-તામેંગલોંગ રોડ પર હથિયારધારીઓએ ઘાત લગાવીને હુમલો કર્યો હતો. આ હુમલામાં એક નાગા વિલેજ વોલન્ટિયરનું મોત થયું હતું, જ્યારે અન્ય ૨ લોકો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, નાગા સ્વયંસેવકોને માકુઈ ગામ પર હુમલો થયાની માહિતી મળી હતી. ત્યારબાદ તેઓ ઘટનાસ્થળ તરફ જઈ રહ્યા હતા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. ઘાયલોને સારવાર માટે સેનાપતિ જિલ્લા મુખ્યાલય લઈ જવામાં આવ્યા હતા. બીજી તરફ, ઉખરુલ જિલ્લામાં નેશનલ હાઇવે-૨૦૨ પર અજાણ્યા હથિયારધારીઓએ કારમાં જઈ રહેલા ૩૦ વર્ષીય સંદીપ રાય પર હુમલો કર્યો હતો. આ ઘટનામાં તેમનું મોત થયું હતું. સંદીપ રાય નેપાળી સમુદાયના હતા અને તેઓ સેનાપતિ વિસ્તાર નજીક રહેતા હતા. હુમલા પાછળનું કારણ અને જવાબદાર લોકોની ઓળખ અંગે તપાસ ચાલી રહી છે.

જ્ઞાનેશ કુમારની સાથે સરકાર પણ જશે : રાહુલ

CJP આંદોલન વચ્ચે રાહુલ ગાંધીનું નિવેદન,ભાજપે વિપક્ષોની હતાશા ગણાવી

નવી દિલ્હી, તા.૧૦

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના પ્રદર્શન પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે દાવો કર્યો કે જ્ઞાનેશ કુમાર પોતાના પદ પરથી હટશે, દેશમાં તેમની (ઇન્ડિયા ગઠબંધનની) સરકાર આવશે અને ત્યારબાદ લોકશાહીને ફરીથી મજબૂત કરવાનું કામ શરૂ કરાશે. આ મુદ્દે રાહુલ ગાંધી અને ઇન્ડિયા ગઠબંધનના અન્ય સાંસદોએ શુક્રવારે રાષ્ટ્રપતિ સાથે પણ મુલાકાત કરી હતી.

રાહુલ ગાંધીના આ નિવેદન બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીને રાહુલ ગાંધી, કોંગ્રેસ અને ઇન્ડિયા ગઠબંધન પર નિશાન સાધ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે, 'કેટલાક લોકો 'અર્બન નક્સલ' માનસિકતા સાથે દેશને અસ્થિર કરવાના પ્રયાસો કરી રહ્યા છે. બીજેપી આવી કોશિશોનો આકરો જવાબ આપશે અને આવી તાકાતોના ઈરાદાઓ ક્યારેય સફળ થવા દેવામાં આવશે નહીં. ભાજપ વિકસિત ભારતના નિર્માણ અને વિકાસ પ્રત્યે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.'



'જનતાએ નકાર્યા એટલે વિપક્ષ હતાશ થયો'

નિતિન નવીને વિપક્ષી ગઠબંધન અને ઇઉંક પર નિશાન સાધતા જણાવ્યું કે દેશની જનતાએ આ લોકોને નકારી દીધા છે. જ્યારે લોકશાહીમાં હાર મળી ત્યારે તેમાંથી શીખવાને બદલે વિપક્ષે દેશને અસ્થિર કરવાનો ઇરાદો બનાવી લીધો છે. તેમણે રાહુલ ગાંધી પર આક્ષેપ કર્યો કે કેટલાક લોકો વિદેશી તાકાતોના સહારે રાજકારણ રમી રહ્યા છે અને વિવિધ રાજ્યોમાં સતત મળી રહેલી ચૂંટણી હારના કારણે વિપક્ષમાં ભારે હતાશા જોવા મળી રહી છે, જેને દેશની જનતા ક્યારેય સ્વીકારશે નહીં.

રૂપિયો રેકોર્ડ તળિયે : રિઝર્વ બેન્ક એક્શનમાં!

નવી દિલ્હી, તા.૧૦

અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયામાં થઈ રહેલા સતત ધોવાણને રોકવા અને રૂપિયાને સપોર્ટ કરવા માટે ભારતીય રિઝર્વ બેન્ક એ શ્રેણીબદ્ધ મહત્ત્વના નિર્ણયો લીધા છે. રૂપિયામાં સટ્ટાખોરી રોકવા અને ઓઇલ કંપનીઓની વિદેશી હૂંડિયામણની જરૂરિયાતો પૂરી કરવા માટે રીઝર્વ બેન્કએ સ્પેશિયલ વિંડો સહિતના કડક ઉપાયોની જાહેરાત કરી છે. શુક્રવારે ડોલર સામે રૂપિયો ૯૬.૭૩ ના સ્તરે બંધ થયો હતો, જે તેના ઓલ-ટાઇમ લો(૯૬.૯૬)ની ખૂબ નજીક પહોંચી ગયો હતો. આ સ્થિતિને પહોંચી વળવા માટે જ આ પગલાં લેવામાં આવ્યા છે.

આજે સોમવાર, ૧૨ ઑક્ટોબર ૨૦૨૬થી અમલમાં આવનારી આ વ્યવસ્થા હેઠળ આરબીઆઈએ અધિકૃત બેન્કો દ્વારા દેશની ત્રણ મુખ્ય સરકારી ઓઇલ કંપનીઓ IOCL, HPCL અને ઈઙઈક્ને તેમની દૈનિક જરૂરિયાત મુજબ ડોલર પૂરા પાડશે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઇલની ખરીદી મુખ્યત્વે ડોલરમાં થતી હોવાથી, આ વિંડો દ્વારા ઓઇલ કંપનીઓને ડોલર મેળવવામાં સરળતા રહેશે અને ખુલ્લા બજાર પરથી ડોલરની માંગનું દબાણ ઘટશે. આ સુવિધા આગામી આદેશ સુધી ચાલુ રહેશે.


સટ્ટાખોરી અને ચલણમાં અસ્થિરતા રોકવા માટે RBIએ ફોરેક્સ ડેરિવેટિવ્ઝના નિયમોમાં પણ ફેરફાર કર્યા છે. વિદેશી ચલણ ડેરિવેટિવ ટ્રેડિંગની મર્યાદા ૧૦૦ મિલિયન ડોલરથી ઘટાડીને માત્ર ૫ મિલિયન ડોલર કરી દેવામાં આવી છે. ૨૦ લાખ ડોલરથી વધુના કરારો માટે રજિસ્ટર્ડ ડીલરોએ ટ્રાન્ઝેક્શનના મૂલ્યના ૨૦ ટકા જેટલી રોકડ રકમ આરબીઆઇ પાસે અનામત તરીકે રાખવી પડશે.

ડબલ હેજિંગ રોકવા સખત દસ્તાવેજીકરણઃ એક જ જોખમ સામે બે અલગ-અલગ ડીલરો પાસેથી હેજિંગ(ડબલ હેજિંગ) ન થાય તે માટે ગ્રાહકો પાસેથી લેખિત વચનપત્ર લેવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

શું રૂપિયાનો ઘટાડો અટકશે?

નિષ્ણાતોના મતે, આરબીઆઇના આ કડક પગલાંથી ડોલરની સટ્ટાકીય માંગમાં ઘટાડો થશે અને ટૂંકા ગાળામાં રૂપિયાની અસ્થિરતામાંથી રાહત મળશે. જોકે, રૂપિયાનું ભવિષ્ય આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઇલની કિંમતો, વિદેશી રોકાણ અને વૈશ્વિક બજારના વલણ પર નિર્ભર રહેશે. ઉલ્લેખનીય છે કે, ૨ ઑક્ટોબરે પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી હૂંડિયામણ ભંડાર(Forex Reserve) ૧૨.૯૫ અબજ ડોલર ઘટીને ૭૩૪.૬૦ અબજ ડોલર નોંધાયું હતું.

રૂપિયો ૯૬.૭૩ ના સ્તરે બંધ : કેશ રિઝર્વ અને હેજિંગના આજથી ૪ નવા નિયમ લાગુ



‘આવ્યા આવ્યા નવરાત્રીના નવલા નોરતા રે, માડી અંબે પધારો અમારા આંગણે રમવા રાસ રે’

મહાપર્વના પ્રારંભ સાથે ગુંજશે માઁ જગદંબાનો નાદ

શક્તિના ઉપાસકો માઁ અંબાની ભક્તિમાં લીન થશે : મંગળા રોડ પર આવેલ માઇ મંદિરે નવરાત્રી પર્વમાં વિશેષ અનુષ્ઠાનો : પ્રખ્યાત ચોકમાં ગોવાળીયા, બાળાઓ રાસ ગરબે ઘૂમીને ભાવિકોને કરશે મંત્રમુગ્ધ

રાજકોટ, તા.૧૦

સોનાનો ગરબો રૂડો, અંદર પ્રગટાવ્યો દીવો, માડી તારા ગરબાની રમઝટમાં આજે આનંદ થાય કેવો. ‘‘આજથી ગરબીઓમાં નાની-મોટી બાળાઓ રાસ-ગરબા પ્રસ્તુત કરીને માઁ જગદંબાની હૈયાના અનન્ય ભાવ સાથે ભકિત કરશે. નવરાત્રી મહાપર્વ શક્તિ પૂજાનું પર્વ છે. નવ દિવસ સુધી શકિતના ઉપાસકો ઉપવાસ કરીને આરાધના કરે છે. મંદિરોમાં વિશેષ પૂજન અર્ચન થાય છે. રાજકોટના મંગળા રોડ પર આવેલ માઇ મંદિરે માઁ અંબાજી માતા બિરાજમાન છે તેમજ અન્ય દેવી-દેવતાઓ બિરાજે છે ત્યાં નવરાત્રી પર્વ નિમિત્તે વિશેષ આયોજનો થયા છે. રાત્રે ગરબા ગાઇને ભકિત કરાશે. આનંદના ગરબા પણ ગવાશે. મહાકાલી મંદિરે પણ નવરાત્રી પર્વમાં વિશેષ આયોજનો થયા છે એટલું જ નહિ રાજકોટમાં જે જે મંદિરો આવેલા છે ત્યાં માતાજીની પ્રતિમાઓ છે તે સ્થાને પણ માતાજીની ભકિત થશે. આવતીકાલથી શહેરમાં માઁ જગદંબાનો નાદ ગુંજશે. સમગ્ર નવરાત્રી આયોજન દરમિયાન રાજકોટ સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પરિવારો અને ભક્તજનો વિવિધ ગરબીના સ્થળોએ દર્શન માટે ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે.

યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ!

આ વર્ષે માતાજી હાથી પર બિરાજીને પધારશે, જે સુખ અને સમૃદ્ધિનું શુભ પ્રતીક ગણાય છે. નવરાત્રીના પ્રથમ દિવસે આખો દિવસ ગરબો ખરીદવો અને ઘટ સ્થાપના કરવી અત્યંત શુભ રહેશે તેવું ભુદેવોનું કહેવું છે. આદ્યશક્તિ માં અંબાના આરાધના પર્વ નવરાત્રીની આતુરતાથી રાહ જોતા માઈભક્તો અને ખેલૈયાઓ માટે આજે આનંદના સમાચાર છે. આસો સુદ એકમ એટલે કે આજે ૧૧ ઓક્ટોબર અને રવિવારના રોજથી આસો મહાનવરાત્રી મહોત્સવનો ભક્તિભાવપૂર્વક પ્રારંભ થશે. આ વર્ષની નવરાત્રીમાં એક અનોખો સંયોગ જોવા મળી રહ્યો છે. આ વર્ષે નવરાત્રીમાં બે 'સાતમ' તિથિઓ આવે છે. જોકે, નિયમ અને દરેક પંચાંગ પ્રમાણે નોમના દિવસે જ દશેરા હોવાથી નવ નોરતા પૂરા રહેશે. જેથી ખેલૈયાઓને પૂરા નવ દિવસ સુધી ગરબે ઘૂમવાનો લ્હાવો મળશે. ધાર્મિક દ્રષ્ટિએ પણ આ વર્ષની નવરાત્રી ખૂબ ફળદાયી છે. આ વર્ષે માતાજી હાથી ઉપર બેસીને પધારશે. શાસ્ત્રો અનુસાર, માતાજીનું હાથી પર આગમન ખૂબ જ શુભ ગણવામાં આવે છે અને તે દેશ-દુનિયા માટે સુખ-સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે. નવરાત્રીના પ્રથમ નોરતે ભક્તો માટે આખો દિવસ ખૂબ જ શુભ રહેશે. આ દિવસે આખો દિવસ નવો ગરબો ખરીદવો અને ઘરમાં ગરબાની સ્થાપના કે ઘટ સ્થાપના કરવી ખૂબ જ શુભ રહેશે.



બાલાજી હનુમાન મંદિરે ભવ્ય નવરાત્રી ઉત્સવ

રાજકોટઃ રાજકોટવાસીઓના દુઃખ દૂર કરતા મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં (કરણસિંહજી હાઇસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) એક ભવ્ય આધ્યાત્મિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. બાલાજી હનુમાનજી મંદિર ખાતે બાલાજી દાદાની ભવ્યાતિ ભવ્ય રાજોપચાર પૂજન વિધિ તેમજ નવરાત્રી ઉત્સવ આગામી તારીખ ૧૧-૧૦-૨૦૨૬ થી ૧૯-૧૦-૨૦૨૬ સુધી યોજાશે. આ પાવન અવસરે દરરોજ સાંજે ૫ થી ૭ કલાકે રાજોપચાર પૂજન વિધિ તીર્થસ્વરૂપદાસજી સ્વામી તથા ભૂદેવો દ્વારા કરાવવામાં આવશે. ત્યારબાદ રાત્રે ૮ થી ૧૧ કલાકે યોજાનાર નવરાત્રી ઉત્સવમાં પ્રખ્યાત કલાકાર દિપ ચુડાસમા તથા તેમની ટીમ દ્વારા રાસોત્સવની રમઝટ બોલાવવામાં આવશે. આ સમગ્ર દિવ્ય આયોજન ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના પાવન આશીર્વાદ સાથે મંદિરના આયોજક મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામી દ્વારા કરવામાં આવ્યું છે. મંદિરના સંતો દ્વારા તમામ ધર્મપ્રેમી જનતા અને રાજકોટવાસીઓને આ ભવ્ય પૂજન વિધિ અને નવરાત્રી ઉત્સવમાં સહપરિવાર પધારી દિવ્ય દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નવદુર્ગાના સ્વરૂપો અને નૈવેદ્યની યાદી

- નોરતું ૧ લુ (રવિવારે ૧૧ ઓક્ટોબર ૨૦૨૬): મા શૈલપુત્રીની પૂજા
- નૈવેદ્યઃ ગાયનું શુદ્ધ ઘી અથવા ઘીમાંથી બનેલી મીઠાઈ (આરોગ્ય અને સુખ માટે).
- નોરતું ૨ જુ (સોમવારે ૧૨ ઓક્ટોબર ૨૦૨૬): મા બ્રહ્મચારિણીની પૂજા
- નૈવેદ્યઃ સાકર, સફેદ મીઠાઈ, મિશ્રી અથવા પંચામૃત (લાંબા આયુષ્ય માટે).
- નોરતું ૩ જું (મંગળવારે ૧૩ ઓક્ટોબર ૨૦૨૬): મા ચંદ્રઘંટાની પૂજા
- નૈવેદ્યઃ દૂધ અથવા દૂધમાંથી બનેલી ખીર/મીઠાઈ (દુઃખોથી મુક્તિ માટે).
- નોરતું ૪ થુ (બુધવારે ૧૪ ઓક્ટોબર ૨૦૨૬): મા કુષ્માંડા ની પૂજા
- નૈવેદ્યઃ માલપુઆ (બુદ્ધિ અને નિર્ણયશક્તિના વિકાસ માટે).
- નોરતું ૫ મુ (ગુરુવારે ૧૫ ઓક્ટોબર ૨૦૨૬): મા સ્કંદમાતાની પૂજા
- નૈવેદ્યઃ કેળા અથવા કેળાનો પ્રસાદ (શારીરિક સ્વાસ્થ્ય માટે).
- નોરતું ૬ ઠુ (શુક્રવારે ૧૬ ઓક્ટોબર ૨૦૨૬): મા કાત્યાયનીની પૂજા
- નૈવેદ્યઃ મધ અથવા મધયુક્ત પ્રસાદ (સૌંદર્ય અને આકર્ષણ માટે).
- નોરતું ૭ મુ (શનિવારે ૧૭ ઓક્ટોબર ૨૦૨૬): મા કાલરાત્રિની પૂજા
- નૈવેદ્યઃ ગોળ અથવા ગોળમાંથી બનેલી વાનગી (સંકટોમાંથી મુક્તિ માટે).
- નોરતું ૮ મુ (રવિવારે ૧૮ ઓક્ટોબર ૨૦૨૬): મા મહાગૌરીની પૂજા
- નૈવેદ્યઃ નાળિયેર અથવા નાળિયેરની મીઠાઈ (મનોકામના પૂર્તિ માટે).
- નોરતું ૯ મુ (સોમવારે ૧૯ ઓક્ટોબર ૨૦૨૬): મા સિદ્ધિદાત્રી ની પૂજા
- નૈવેદ્યઃ તલ, હલવો, પૂરી કે ચણા (સુખ-સમૃદ્ધિ અને સિદ્ધિઓ માટે).

નવે નવ દિવસ ક્યાં માતાજીની કરવી ભક્તિ?

સામાન્ય રીતે તો માં અંબાજીની નવરાત્રી દરમિયાન આરાધના કરવામાં આવે છે. પણ નવેય દિવસ દરમિયાન માતાજીના જુદા જુદા સ્વરૂપોમાં માતાજીની આરાધના કરવામાં આવે છે. આવા સ્વરૂપો જોઈએ તો..

૧. પ્રથમ નોરતું: માતા શૈલપુત્રી માતા દુર્ગાનું પ્રથમ સ્વરૂપ 'શૈલપુત્રી' છે. પર્વતરાજ હિમાલયની પુત્રી હોવાથી તેમને આ નામ મળ્યું છે. તેઓ વૃષભ (બળદ) પર બિરાજે છે અને તેમના હાથમાં ત્રિશૂળ તથા કમળ છે. આ સ્વરૂપ પ્રકૃતિ અને શક્તિનું પ્રતીક છે.

૨. બીજું નોરતું: માતા બ્રહ્મચારિણી બીજા દિવસે માતા 'બ્રહ્મચારિણી'ની પૂજા થાય છે. 'બ્રહ્મ' એટલે તપસ્યા અને ચારિણી એટલે આચરણ કરનારી. આ સ્વરૂપ તપસ્યા, ત્યાગ, વૈરાગ્ય અને સંયમનું પ્રતીક છે. તેમના જમણા હાથમાં જપની માળા અને ડાબા હાથમાં કમંડળ હોય છે.

૩. ત્રીજું નોરતું: માતા ચંદ્રઘંટા ત્રીજા દિવસે માતા 'ચંદ્રઘંટા'ની આરાધના થાય છે. તેમના મસ્તક પર ઘંટના આકારનો અર્ધચંદ્ર બિરાજમાન છે, તેથી તેમને ચંદ્રઘંટા કહેવાય છે. વાઘ પર સવાર આ સ્વરૂપ શાંતિ અને કલ્યાણકારી છે, તથા તેઓ દુષ્ટોનો નાશ કરવા હંમેશા તત્પર રહે છે.

૪. ચોથું નોરતું: માતા કૂષ્માંડા ચોથા નોરતે માતા 'કૂષ્માંડા'ની પૂજા થાય છે. પોતાની મંદ અને મધુર મુસ્કાનથી બ્રહ્માંડની રચના કરવાને કારણે તેમને કૂષ્માંડા કહેવામાં આવે છે. આઠ ભુજાઓ ધરાવતા આ માતાજીને અષ્ટભુજા દેવી પણ કહેવાય છે, જે સૂર્યમંડળના ભીતર લોકમાં નિવાસ કરે છે.

૫. પાંચમું નોરતું: માતા સ્કંદમાતા પાંચમા દિવસે માતા 'સ્કંદમાતા'ની ઉપાસના થાય છે. ભગવાન કાર્તિકેય (જેમનું એક નામ સ્કંદ કુમાર છે) ની માતા હોવાને કારણે તેમને સ્કંદમાતા કહેવામાં આવે છે. સિંહ પર બિરાજમાન માતાના ખોળામાં બાળ સ્વરૂપ સ્કંદ ભગવાન બેઠેલા હોય છે. આ સ્વરૂપ વાત્સલ્યનું પ્રતીક છે.

૬. છઠ્ઠું નોરતું: માતા કાત્યાયની છઠ્ઠા નોરતે માતા 'કાત્યાયની'ની પૂજા થાય છે. મહર્ષિ કાત્યાયનના આશ્રમમાં પુત્રી રૂપે જન્મ લીધો હોવાથી તેમનું નામ કાત્યાયની પડ્યું. આ માતાનું ઉગ્ર અને અત્યંત તેજસ્વી સ્વરૂપ છે, જેમણે મહિષાસુર નામના રાક્ષસનો વધ કર્યો હતો.

૭. સાતમું નોરતું: માતા કાલરાત્રી સાતમા દિવસે માતા 'કાલરાત્રી'ની પૂજા થાય છે. આ માતાજીનું સૌથી ભયંકર અને ઉગ્ર સ્વરૂપ છે. તેમનો વર્ણ અંધકાર જેવો કાળો છે અને વાળ વિખરાયેલા હોય છે. દેખાવ ભયાનક હોવા છતાં તેઓ હંમેશા શુભ ફળ આપે છે, તેથી તેમને 'શુભંકરી' પણ કહેવાય છે.

૮. આઠમું નોરતું: માતા મહાગૌરી આઠમા નોરતે (દુર્ગાષ્ટમી) માતા 'મહાગૌરી'ની આરાધના થાય છે. તેમનો વર્ણ શ્વેત અને અત્યંત કાંતિવાન છે. ભગવાન શિવને પામવા માટે કરેલી કઠોર તપસ્યા બાદ તેમને આ ગૌર વર્ણ પ્રાપ્ત થયો હતો. આ સ્વરૂપ પવિત્રતા, શાંતિ અને ભક્તિનું પ્રતીક છે.

૯. નવમું નોરતું: માતા સિદ્ધિદાત્રી નવરાત્રીના અંતિમ દિવસે (મહાનવમી) માતા 'સિદ્ધિદાત્રી'ની પૂજા થાય છે. નામ મુજબ જ તેઓ ભક્તોને તમામ પ્રકારની અષ્ટ સિદ્ધિઓ અને નવનિધિઓ પ્રદાન કરનાર છે. કમળ પર બિરાજમાન માતા ભક્તોની તમામ મનોકામનાઓ પૂર્ણ કરે છે.

ટ્યુશનમાં ગયેલી સોળ વર્ષની તરુણીનું અપહરણ

મિત્ર બનીને ઘરે આવતા પરણીત યુવાને બદકામના ઈરાદે તરુણીનું અપહરણ કર્યાની શંકા, માતાએ પ્રદ્યુમનનગર પોલીસમાં નોંધાવી ફરિયાદ

રાજકોટ, તા.૧૦

રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં ટ્યુશન ક્લાસીસ ગયેલી ૧૬ વર્ષીય તરુણીનું અપહરણ થયાની ફરિયાદ પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં નોંધાઈ છે. તરુણીની માતાએ પોપટપરા વિસ્તારમાં રહેતા અને તેના પુત્રના મિત્ર એવા પરણીત યુવાન મોહીન ઉર્ફે ટકો સતાર ચૌહાણ પર બદકામના ઈરાદે અપહરણ કર્યાની શંકા વ્યક્ત કરી છે.



તરુણીની માતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ઘરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત ૭ ઓક્ટોબરના રોજ સાંજે ચારેક વાગ્યે તેમનો પુત્ર તેની ૧૬ વર્ષીય બહેનને રેલનગરમાં પોસ્ટ ઓફિસ પાસે આવેલા ટ્યુશન ક્લાસીસમાં એક્ટિવા પર મૂકી આવ્યો હતો.

સાંજે પાંચેક વાગ્યે માતાએ તિજોરીમાંથી રૂપિયા કાઢવાના હોવાથી, અને તિજોરીની ચાવી પુત્રી પાસે હોવાથી તેઓ પુત્ર પ્રિન્સ સાથે ટ્યુશન ક્લાસીસ ગયા હતા. ત્યાં ક્લાસીસના સંચાલકને પૂછતાં જાણવા મળ્યું હતું કે તેમની પુત્રી આજે ક્લાસમાં આવી જ નથી. સીસીટીવી ફૂટેજ ચેક કરતા પુત્રી દાદરો ચડીને ઉપર જતી અને તરત જ પાછી નીચે ઉતરી જતી જોવા મળી હતી.

પરિવારજનોએ સગા-સંબંધીઓમાં તપાસ કરવા છતાં દીકરીની કોઈ ભાળ મળી ન હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, મોહીન ઉર્ફે ટકો ચૌહાણ (રહે. પોપટપરા શેરી નં. ૯), જે પરિણીત છે અને એક સંતાનનો પિતા છે, તે અવારનવાર તેમના ઘરે આવતો હતો અને દીકરી સાથે વાતો કરતો હતો. થોડા સમય પહેલા દીકરી જ્યારે તેની ફોઈની દીકરીના ઘરે ગઈ હતી ત્યારે પણ તે મોહીન સાથે ફોન પર વાત કરતી હોવાનું જાણવા મળ્યું હતું.

મોહીનના ઘરે તપાસ કરતા તેનું ઘર બંધ મળ્યું હતું અને ત્યાં કોઈ હાજર ન હતું. આથી તરુણીની માતાને પૂરી શંકા છે કે મોહીન ચૌહાણે જ તેમની સગીર દીકરીને લલચાવી-ફોસલાવીને બદકામના ઈરાદે અપહરણ કર્યું છે. આ મામલે પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધ્યો છે. પી.એસ.આઈ. ડી.એસ. ગજેરાએ વધુ તપાસ હાથ ધરી છે.

મામાએ ઘરેણાં વેચી આપેલા ઉધારના ૧૧ લાખ પરત ન આપવા બે મિત્રોની મદદથી લૂંટનું નાટક રચ્યું; થેલામાં એક પણ રૂપિયો ન હતો, ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ભાંડો ફૂટ્યો

અગિયાર લાખની લૂંટ : ભાણેજનું તરકટ!

રાજકોટ, તા.૧૦

રાજકોટના નાના મવા રોડ પર સાગર ચોક નજીક ધોળા દિવસે ૧૧ લાખની લૂંટ થયાની ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. મામાએ ઉધાર આપેલા ૧૧ લાખ પરત ન આપવા ભાણેજે જ પોતાના બે મિત્રોની મદદથી લૂંટનું તરકટ રચ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. બાઈક પર જતા મામા-ભાણેજ પાસેથી રૂપિયા ભરેલો થેલો ઝૂંટવી બે શખ્સો નાસી છૂટ્યા હોવાની ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. જોકે, તપાસ દરમિયાન થેલામાં એક પણ રૂપિયો ન હોવાનું ખુલતાં લૂંટના નાટકનો પર્દાફાશ થયો હતો.



પોલીસની પ્રાથમિક માહિતી મુજબ, ભક્તિનગર વિસ્તારના ઘનશ્યામનગરમાં રહેતા હરદેવસિંહ સજુભા ઝાલા અને તેમના ભાણેજ ધીરેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ વાઘેલા બાઈક પર ૧૧ લાખ ભરેલો થેલો લઈને જતા હતા. દરમિયાન નાના મવા રોડ પર સાગર ચોક નજીક બાઈક પર આવેલા બે શખ્સોએ થેલો ઝૂંટવી લીધો હતો અને ફરાર થઈ ગયા હતા. બપોરે આશરે ૨-૩૦ વાગ્યે બનેલી આ ઘટનાના સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના ચિરાગ જાદવ સહિતની ટીમે મામા-ભાણેજને પૂછપરછ માટે બોલાવ્યા હતા. ઊંડાણપૂર્વકની તપાસમાં ભાણેજ ધીરેન્દ્રસિંહે કથિત રીતે સમગ્ર કાવતરાની કબૂલાત કરી હતી. તેણે વાહનનો ધંધો શરૂ કરવા માટે મામા હરદેવસિંહ પાસેથી થોડા સમય પહેલાં ૧૧ લાખ ઉછીના લીધા હતા. આ રકમની વ્યવસ્થા મામાએ પોતાના ઘરેણાં વેચીને કરી હતી.

જોકે, સમય વીતી જવા છતાં ભાણેજે વાહનનો ધંધો શરૂ કર્યો નહોતો અને મામા ઉછીના આપેલા રૂપિયા પરત માગતા હતા. આ રકમ ચૂકવવી ન પડે તે માટે ભાણેજે લૂંટનું નાટક રચવાનું નક્કી કર્યું હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

બે મિત્રોને બોલાવી થેલો ઝૂંટવ્યો

ભાણેજે મામાને પોતાના ઘરે રૂપિયા ભરેલો થેલો પડ્યો હોવાનું કહી ત્યાંથી થેલો લેવા જવાનું જણાવ્યું હતું. ત્યારબાદ મામા-ભાણેજ થેલો લઈને નીકળ્યા ત્યારે ભાણેજના મિત્રો ધ્રુવરાજ અને અફઝલ બાઇક પર આવ્યા હતા અને થેલો ઝૂંટવી નાસી ગયા હતા. જોકે, થેલામાં કોઈ રૂપિયા રાખવામાં આવ્યા નહોતા. મામાને રૂપિયા પરત આપવા ન પડે તે માટે ભાણેજે આ આખું તરકટ રચ્યું હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. આ મામલે તાલુકા પોલીસ મથકના પી.આઈ. એસ.આર. મેઘાણી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

સનાતન સંસ્કૃતિના પુનઃ ઉત્થાનના ભાગરૂપે

નવરાત્રિ વિશેષ ઓનલાઈન પ્રવચન યોજાયું

સ્વામી અક્ષયાનંદજીના સેવકશિષ્ય શિવરાજસિંહ ઝાલા દ્વારા નવરાત્રિના શાસ્ત્રોક્ત અનુષ્ઠાનો વિશે વિસ્તૃત માર્ગદર્શન અપાયું : દેવીભાગવત, સૌન્દર્યલહરી અને ત્રિપુરારહસ્ય જેવા પ્રાચીન સંદર્ભગ્રંથોના આધારે વિવિધ ફળ પ્રાપ્તિના માર્ગો દર્શાવાયા : લાઇફ મિશન પરિવાર દ્વારા આયોજિત ઓનલાઈન સત્સંગમાં મોટી સંખ્યામાં ભક્તો અને સત્સંગીઓ જોડાયા

રાજકોટ, તા.૧૦

આજે તા. ૧૦રોજ રાત્રે ૯:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા દરમિયાન સનાતન સંસ્કૃતિના પુનઃ ઉત્થાનના એક ભગીરથ પ્રયાસરૂપે એક ભવ્ય અને જ્ઞાનવર્ધક ઓનલાઇન પ્રવચનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આસો નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે આયોજિત આ વિશેષ સત્સંગનો મુખ્ય વિષય ‘‘નવરાત્રિમાં - વિવિધ ફળ પ્રાપ્તિ અર્થે શાસ્ત્રોમાં બતાવેલાં અનુષ્ઠાનો’’ રહ્યો હતો, જેમાં ભક્તોને શાસ્ત્રોક્ત વિધિઓ સમજીને તેનું આચરણ કરી જીવનમાં લાભ પ્રાપ્ત કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ઓનલાઇન પ્રવચનમાં પ્રવક્તા તરીકે સ્વામી અક્ષયાનંદજી તથા નિખિલદેવજીના પરમ સેવક શિષ્ય શિવરાજસિંહ ઝાલાએ ઉપસ્થિત રહીને શ્રોતાઓને આધ્યાત્મિક જ્ઞાનનું રસપાન કરાવ્યું હતું. તેમણે પોતાના એક કલાકના પ્રવચન દરમિયાન પાંચ અત્યંત મહત્વપૂર્ણ વિષયાંગો પર ઊંડાણપૂર્વક છણાવટ કરી હતી.

જેમાં લક્ષ્મીહૃદય સ્તોત્રઃ તેઓએ શ્રોતાઓને સમજાવ્યું હતું કે જીવનમાંથી અલક્ષ્મી (ગરીબી, દરિદ્રતા કે નકારાત્મકતા) દૂર કરવા માટે 'લક્ષ્મીહૃદય'નું અનુષ્ઠાન શ્રેષ્ઠ છે. નવરાત્રિ દરમિયાન આ પાઠ કરવાથી સાધકને દીર્ઘાયુષ્ય, મહા ઐશ્વર્ય તથા સુવર્ણની પ્રાપ્તિ થાય છે.

દુર્ગા નામાવલીઃ વર્તમાન સમયની સમસ્યાઓના નિવારણ માટે દુર્ગા નામાવલીનો મહિમા વર્ણવતા તેમણે જણાવ્યું હતું કે, આ નામાવલીના પાઠથી વ્યક્તિને રાજદંડ, કારાગાર (જેલ) તથા કોઈપણ પ્રકારના શત્રુભયમાંથી મુક્તિ મળે છે. માતાજીની આ નામાવલી આપત્તિઓનું હરણ કરનારી અને ભક્તના અસાધ્ય કાર્યોને પણ સાધ્ય કરી આપનારી છે.



સૌન્દર્ય લહરીઃ ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિના સમન્વય સમાન 'સૌન્દર્ય લહરી' વિશે વાત કરતા પ્રવક્તાએ માહિતી આપી હતી કે, આ એક એવું અદ્ભુત અનુષ્ઠાન છે જે સાધકને સંસારના 'ભોગ' અને અંતે 'મોક્ષ' એમ બંને ફળ એકસાથે પ્રદાન કરવાની શક્તિ ધરાવે છે.

દેવીભાગવત (નવમ સ્કંધ): આદ્યશક્તિની આરાધનામાં દેવીભાગવત મહાપુરાણના પઠનનું વિશેષ મહત્વ રહેલું છે. પ્રવચનમાં જણાવાયું હતું કે ખાસ કરીને દેવીભાગવતના 'નવમ સ્કંધ'ના પાઠ કે શ્રવણથી ભક્તને સત્પુત્રની પ્રાપ્તિ, શ્રેષ્ઠ વિદ્યા તથા મનમાં ધારેલી તમામ સદ્-મનોકામનાઓની પૂર્તિ થાય છે.

કુમારી પૂજનઃ નવરાત્રિના સૌથી પવિત્ર અને મહત્વના અંગ એવા 'કુમારી પૂજન' વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં કુમારી પૂજનનું સાચું સ્વરૂપ શું છે, તેના શાસ્ત્રોક્ત નીતિ-નિયમો કયા છે તથા વ્યક્તિગત કામનાઓ અનુસાર કુમારી પૂજનના અલગ-અલગ પ્રકારો અને તેની વિધિઓ વિશે ભક્તોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર પ્રવચન અત્યંત આધારભૂત અને પ્રમાણિત હતું, કારણ કે શિવરાજસિંહ ઝાલાએ સનાતન ધર્મના પ્રાચીન સંદર્ભગ્રંથો જેવા કે દેવીભાગવત મહાપુરાણ, ત્રિપુરારહસ્ય, વિદ્યાર્ણવ, સૌન્દર્યલહરી, અથર્વણરહસ્ય અને સિંહસિદ્ધાન્તબિન્દુનો આધાર લઈને આ તમામ માહિતી પીરસી હતી.

આ દિવ્ય અને જ્ઞાનવર્ધક કાર્યક્રમના પ્રેરક અને આયોજક તરીકે લાઇફ મિશન પરિવાર, સર્વ સંતો તથા લાઇફ મિશન ઓનલાઇન સત્સંગ મંડળ રહ્યા હતા. શનિવારની રાત્રે યોજાયેલા આ ઓનલાઈન પ્રવચનમાં સર્વ સત્સંગીઓ અને ભક્તોએ ભારે ઉત્સાહથી ભાગ લીધો હતો અને માતાજીના આ અનુષ્ઠાનો થકી પોતાના જીવનને ધન્ય બનાવવાનો સંકલ્પ કર્યો હતો.

શહેરીજનોને સુઘડ વાતાવરણ પૂરું પાડવાના ભાગરૂપે

પ્રદૂષણ મુક્ત હવા માટે મનપાનો માસ્ટર પ્લાન

મનપામાં સ્વચ્છતાના ધોરણોને નવી ઊંચાઈ પર લઈ જવા મનપા ૯.૭૩ કરોડના ખર્ચે ૧૦ સ્વીપિંગ અને ૩ આધુનિક 'મિસ્ટ કેનન' મશીન ખરીદશે

રાજકોટ, તા. ૧૦

રાજકોટ મહાનગરમાં સ્વચ્છતાના ધોરણોને નવી ઊંચાઈ પર લઈ જવા અને શહેરીજનોને સુઘડ વાતાવરણ પૂરું પાડવાના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સર્વાંગી સફાઈ અને પ્રદૂષણ નિયંત્રણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. એકતરફ જાગૃતિ કાર્યક્રમો અને કડક ચેકિંગની કામગીરી ચાલી રહી છે, તો બીજીતરફ આગામી જનરલ બોર્ડમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના કચરા વ્યવસ્થાપન માટેના મોડેલ બાયલોઝના કડક અમલીકરણની ખાસ દરખાસ્ત રજૂ કરવાની તૈયારીઓ આખરી તબક્કામાં છે. આ નીતિગત નિર્ણયોની સાથે ગ્રાઉન્ડ લેવલ પર પરિણામલક્ષી અને ઝડપી કામગીરી થાય તે હેતુથી મનપા દ્વારા ૯.૭૩ કરોડના ભવ્ય ખર્ચે અદ્યતન મશીનરી ખરીદવાનો એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ યોજના અંતર્ગત રાજકોટના રાજમાર્ગો અને મુખ્ય રસ્તાઓને ધૂળમુક્ત બનાવવા માટે વધુ ૧૦ નવા સ્વીપિંગ મશીન વસાવવામાં આવશે. હાલમાં મનપા પાસે ૧૦ સ્વીપિંગ મશીન કાર્યરત છે, પરંતુ રૂ. ૮.૨૦ કરોડના ખર્ચે (પ્રતિ મશીન રૂ. ૮૨ લાખ) નવા ૧૦ મશીન ઉમેરાતા શહેર પાસે કુલ ૨૦ સ્વીપર મશીનનો કાફલો ઉપલબ્ધ થઈ જશે. આ નવા મશીનો કાર્યરત થવાથી માત્ર સફાઈની ઝડપ અને ક્ષમતા બમણી જ નહીં થાય, પરંતુ રસ્તાઓ પર સતત ઉડતી ધૂળના કણોમાં પણ મોટો ઘટાડો થશે. આ સિવાય, શહેરમાં વધતા જતા વાયુ પ્રદૂષણ અને ધૂળની સમસ્યા સામે લડવા રાજકોટમાં ઇતિહાસમાં પ્રથમ વખત ત્રણ આધુનિક 'મિસ્ટ કેનન મશીન' ખરીદવામાં આવશે. આ ત્રણ મશીનો પાછળ રૂ. ૧.૫૩ કરોડ (પ્રતિ મશીન રૂ. ૫૧ લાખ)નો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.



'મિસ્ટ કેનન' મશીન એ એક એવી આધુનિક ટેકનોલોજી છે જે હવામાં પાણીના અતિસૂક્ષ્મ ફુવારાં (સ્પ્રે) છોડીને વાતાવરણમાં તરતા ધૂળ અને રજકણોને ક્ષણવારમાં જમીન પર બેસાડી દે છે. શહેરના જે વિસ્તારો કે ક્રોસિંગ પર વાહનોના ભારે આવાગમનને કારણે હવાનું પ્રદૂષણ વધુ રહેતું હોય અથવા એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ખરાબ નોંધાતો હોય, ત્યાં આ મિસ્ટ કેનન મશીન ખાસ તૈનાત કરવામાં આવશે. હાલમાં વિવિધ શહેરોના વાયુ ગુણવત્તાના આંકડાઓમાં રાજકોટ સાતમા ક્રમે આવે છે, ત્યારે આ ટેકનોલોજીના ઉપયોગથી શહેરનો અચઈ નોંધપાત્ર રીતે સુધરશે અને નાગરિકોના શ્વાસમાં ધૂળના રજકણો જતા અટકશે.

નવી ખરીદવામાં આવનારી આ મશીનરીની કાર્યક્ષમતા અને ગ્રાઉન્ડ પરની ઉપયોગિતા ચકાસવા માટે ગઈકાલે મોડી રાત્રે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયા અને પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકી સહિતના ઉચ્ચ અધિકારીઓ અને ઈજનેરોની ટીમે રાજમાર્ગો પર મશીનોનું પ્રત્યક્ષ ડેમોન્સ્ટ્રેશન અને ટ્રાયલ રન નિહાળ્યું હતું. આ નિદર્શન દરમિયાન મશીનની પ્રક્રિયા અને સફાઈ ક્ષમતા અંગે વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી. આ તમામ સાધનો માટે રાજ્ય સરકાર દ્વારા ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે, જેમાં સ્વચ્છ ભારત મિશન હેઠળ સ્વીપિંગ મશીન માટે અને ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ હેઠળ મિસ્ટ કેનન મશીન માટે નાણાકીય જોગવાઈ કરાશે. તમામ જરૂરી કાયદાકીય પ્રક્રિયાઓ ઝડપથી પૂરી કરીને ટૂંક સમયમાં જ મંજુરી અર્થે સમગ્ર દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ સત્તાવાર રીતે રજૂ કરવામાં આવશે.

કોંગ્રેસની મહેનત રંગ લાવી

કટારીયા બ્રિજ નજીક ડાયવર્ઝન માટે ટીપી રોડ ખુલ્લો

સ્થળ મુલાકાત લઈ મનપાના પદાધિકારીઓએ ૩૫૦ મીટરનો રસ્તો વાહનવ્યવહાર માટે શરૂ કરાવાયો

નવરાત્રિ પર્વમાં વાહનચાલકોને મોટી રાહત



રાજકોટ, તા. ૧૦

નવરાત્રિ પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાં નાગરિકોને પરિવહનમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રજાલક્ષી આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને કટારીયા ચોક બ્રિજ અને આસપાસના વિસ્તારોમાં વાહનચાલકોની અવરજવર સરળ રહે તે હેતુથી મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા અને શિશુ કલ્યાણ સમિતિના ચેરમેન કેતનભાઈ પટેલે સંવેદનશીલતા દાખવીને સીટી એન્જિનિયર કુંતેશ મહેતા, ટીપી વિભાગના અધિકારીઓ તેમજ ટેક્નિકલ સ્ટાફને સાથે રાખીને કટારીયા ચોકડી અને ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે રૂબરૂ સ્થળ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તંત્ર દ્વારા સ્થળ પર જ જરૂરી ટીપી રોડ ખુલ્લા કરાવીને સુચારૂ ડાયવર્ઝનની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી.

જે અંતર્ગત મનપાના વેસ્ટ ઝોનમાં આવેલા વોર્ડ નંબર ૧૧ માં ટીપી સ્કીમ નંબર ૧૬ (મોટામવા ફાઈનલ) હેઠળ કેશવમ રેસ્ટોરન્ટ લાગુ, કાલાવડ રોડ કટારીયા ચોકડીથી ૧૫૦ ફૂટ સેકન્ડ રિંગ રોડ સુધીનો ૧૮ મીટર પહોળો અને અંદાજિત ૩૫૦ મીટર લાંબો ટીપી રોડ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ વૈકલ્પિક રસ્તો શરૂ થવાથી નવરાત્રિના દિવસોમાં કટારીયા ચોકડી આસપાસ ટ્રાફિકનું ભારણ ઘટશે અને વાહનચાલકો સમય તથા ઈંધણની બચત સાથે સરળતાથી પરિવહન કરી શકશે.

કટારિયા ચોકડી પર નવરાત્રી દરમિયાન ભારે ભીડને કારણે ટ્રાફિકજામ થવાની શક્યતા વચ્ચે કોંગ્રેસ આગેવાન રોહિતસિંહ રાજપૂતે આ ગંભીર મુદ્દે તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી. આ રજૂઆતની વ્યાપક અસર જોવા મળી છે, કારણ કે આજે રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના ઉચ્ચ અધિકારીઓએ જાતે કટારિયા ચોકડીની મુલાકાત લઈને સ્થિતિનો તાગ મેળવ્યો હતો અને વાહનચાલકો માટે વૈકલ્પિક માર્ગની વ્યવસ્થાનું સઘન નિરીક્ષણ કર્યું હતું. આ અગાઉ, બે દિવસ પહેલાં જ ટ્રાફિક પોલીસના ઉચ્ચ અધિકારીઓએ પણ આ રૂટનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરીને ટ્રાફિક નિયંત્રણ માટે ગંભીરતા દાખવી હતી. આમ, જનહિતના સળગતા પ્રશ્ને સમયસર યોગ્ય રજૂઆત કરવામાં આવે તો તંત્ર પણ કેવું સક્રિય બનીને તાત્કાલિક પગલાં લે છે તેનું ઉત્તમ ઉદાહરણ આ કિસ્સામાં જોવા મળ્યું છે.

શરદ પૂર્ણિમાએ રંગ ઉપવન ગૂંજશે

રાજકોટ મનપા દ્વારા ભવ્ય 'રાસ-ગરબા ઉત્સવ'નું આયોજન : ૪,૦૦૦થી વધુ ખેલૈયાઓ અને નાગરિકો માટે દૂધ-પૌંઆની પ્રસાદી

રાજકોટ, તા. ૧૦

નવરાત્રી પર્વની આરાધનાના મહાપર્વ બાદ હવે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શરદ પૂનિમ પર્વ નિમિત્તે આગામી ૨૫ ઓક્ટોબરે રેસકોર્સ સ્થિત કવિ રમેશ પારેખ રંગદર્શન ખાતે ભવ્ય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ ૧૫ ઓગષ્ટ ધ્વજવંદન સાથે યાત્રિયા જન્માષ્ટમી પર્વની મટકી ફોડ કાર્યક્રમ સાથે શરાબી પેવિલિયન દર્શકોને આપવામાં આવ્યા હતા તેમ જ હવે આયોજનના ભાગરૂપે નાગરિકો પણ દૂધ-પૌંઆની જ્યાફતનો લાભ મળશે. ગરબા મહોત્સવમાં અંદાજે ચાર હજાર લોકો ઉપસ્થિત રહેવાની ધારણા રાખવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા રંગદર્શન ખાતે આગામી ૨૫ ઓક્ટોબર (શરદ પૂનિમ) રવિવારે રાત્રે રાજકોટની સુપ્રસિદ્ધ ગરબા સંસ્થા કંકણ પ્રસ્તુત ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટની સુપ્રસિદ્ધ ગરબા સંસ્થા કંકણગ્રુપ, અમરેલીના જેસીં ગપરા રાસમંડળ અને રાજકોટ કારડિયા રાજપૂત સમાજના ખેલૈયાઓ રાસ ગરબાની રમઝટ બોલાવશે. આ કાર્યક્રમને અનુસરીને કવિશ્રી રમેશ પારેખ રંગદર્શન રિઝર્વ રાખવા આદેશ કરી દેવાયો છે. આ કાર્યક્રમના ભાગ બનનાર કંકણ સંસ્થાના ૧૦૦ કલાકારોને રૂ. ૧,૧૧,૦૦, જેસીં ગપરા રાસ મંડળ અમરેલીના ૨૫ કલાકારોને રૂ. ૨૫,૦૦૦ તથા રાજકોટ કારડિયા રાજપૂત સમાજ રાસ મંડળના ૨૫ કલાકારોને રૂ. ૨૫,૦૦૦ રોકડ પુરસ્કાર, શિલ્ડ, સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે. લોકા ગરબા મહોત્સવની મનભેર માણી શકે તે માટે બેઠક વ્યવસ્થા સહિતના આયોજનો કરવામાં આવ્યા છે.



આ કાર્યક્રમમાં અંદાજે ૪૦૦૦ વ્યક્તિઓ ઉમટી પડે તેવી સંભાવના છે, આ તમામ માટે દૂધ પૌંઆનો પ્રસાદ આપવામાં આવશે. બહારગામથી આવતી ટીમના ૨૫ વ્યક્તિ માટેની ભોજન વ્યવસ્થા પાકી, ચા-કોફીની વ્યવસ્થા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં હાજર રહેનાર તમામ વ્યક્તિઓને દૂધ પૌંઆનો પ્રસાદ અપાશે. આ માટે શોર્ટ ટર્મ સર્ક્યુલર ટેન્ડર કરવાનું તથા લાઈટ, સાઉન્ડ, મંડપ, બેનર્સ, ફોટોગ્રાફી, આમ્રણ પત્રિકાઓ વગેરે માટે આર. સી. (રેટ કોન્ટ્રેક્ટ) મુજબના ખર્ચ કરવા આદેશ આપી દેવાયા છે. દૂધ પૌંઆ જેવી આઈટમ માટે મહાનગરપાલિકામાં આર.સી. અમલી નથી હોતી, તેના માટે શોર્ટ ટર્મ સર્ક્યુલર ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને ભાવ મંગાવવામાં આવશે. તે મુજબ ખર્ચ કરવા તથા હાલમાં રાજકોટ મહાનગરપાલિકા એલ.ઈ.ડી. સ્ક્રીન (ચોકટ) માટેની અમલી આર. સી.ના ભાવ વધુ હાઈ, એલ.ઈ.ડી. સ્ક્રીન (ચોકટ)ના કામે શોર્ટ ટર્મ/સર્ક્યુલર ટેન્ડર પ્રક્રિયા અન્વયે ભાવ મંગાવવામાં આવશે. બે ભાવમાંથી જે ભાવ લોએસ્ટ હોય તે ભાવથી એલ.ઈ.ડી. સ્ક્રીન (ચોકટ)ની કામગીરી સુપરત કરવાનીમજ આનુષાંગિક કામા માટે પનાર તમામ જરૂરી ખર્ચ મંજૂર કરવા કોર્પોરેશનના દીવાલા તરફથી કોપ્રિવ ઢવના ટેકાથી દરબારસ્ત કરવામાં આવી છે.

મતદાર યાદી સુધારણા ઝુંબેશનો પ્રારંભ

શહેર અને જિલ્લાના તમામ ૨,૫૧૨ બૂથ પર ચાર રવિવાર યોજાશે વિશેષ ઝુંબેશઃ BLO રૂબરૂ ઉપસ્થિત રહેશે

રાજકોટ, તા. ૧૦

લોકશાહીની પ્રક્રિયામાં દરેક નાગરિકની ભાગીદારી સુનિશ્ચિત કરવા અને મતદાર યાદીને સંપૂર્ણપણે ક્ષતિરહિત તથા અદ્યતન બનાવવાના હેતુથી રાજકોટ શહેર તેમજ સમગ્ર જિલ્લામાં એક વિશેષ મતદાર યાદી સુધારણા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર કચેરીના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ સુધારણા કાર્યક્રમ ચાલુ મહિના દરમિયાન આવતા કુલ ચાર રવિવારો દરમિયાન સઘન રીતે ચલાવવામાં આવશે. આ ઝુંબેશ હેઠળ રાજકોટ શહેર અને જિલ્લામાં આવેલા તમામ ૨,૫૧૨ મતદાન મથકો (બૂથ) પર સંબંધિત બૂથ લેવલ ઓફિસર (BLO) સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી રૂબરૂ ઉપસ્થિત રહીને મતદારોની વિવિધ અરજીઓ સ્વીકારશે તથા જરૂરી માર્ગદર્શન પૂરું પાડશે.

આ વિશેષ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય મતદાર યાદીમાં રહી ગયેલા પાત્ર નાગરિકોના નવા નામ ઉમેરવા, અવસાન પામેલા કે સ્થળાંતરિત થયેલા



નાગરિકોના બિનજરૂરી અથવા પાત્રતા ગુમાવેલા નામ યાદીમાંથી કમી કરવા તેમજ હાલની મતદાર યાદીમાં રહેલી ભૂલો કે વિગતોમાં જરૂરી સુધારા કરવાની કામગીરીને વેગ આપવાનો છે. જે નાગરિકોની વય ૧૮ વર્ષ પૂર્ણ થઈ ગઈ હોય અને તેમના નામ હજુ સુધી મતદાર યાદીમાં નોંધવાના બાકી હોય, તેઓ જરૂરી પુરાવા સાથે આ તકનો લાભ લઈને પોતાનું નામ ઉમેરાવી શકશે. આ ઉપરાંત, જો કોઈ મતદારના નામ, પિતા કે પતિના નામ, જન્મતારીખ, સરનામું, ફોટોગ્રાફ અથવા અન્ય કોઈ અંગત વિગતોમાં ભૂલ હોય કે રહેઠાણ બદલાવના કારણે સ્થળાંતરની પ્રક્રિયા કરવાની હોય, તો તેના માટે પણ બૂથ પર હાજર BLO દ્વારા સ્થળ પર જ જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

મતદાર યાદીમાં પ્રથમ વખત નવું નામ નોંધાવવા માટે આ ફોર્મનો ઉપયોગ કરવાનો રહેશે. વર્તમાન મતદાર યાદીમાં નોંધાયેલી વિગતો જેવી કે નામ, સરનામું, ઉંમર કે અન્ય સુધારા કરવા માટે અથવા એ જ મતક્ષેત્રમાં કે બહાર સ્થળાંતર સંબંધિત ફેરફાર માટે ફોર્મ નંબર-૮ ભરીને જમા કરાવવાનું રહેશે. રાજકોટ કલેક્ટર તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મતદાર યાદી સુધારણાની આ ખાસ ઝુંબેશ માત્ર એક દિવસ પૂરતી મર્યાદિત ન રહેતાં, ચાલુ મહિનાના આગામી ચારેય રવિવારે સતત કાર્યરત રહેશે. આથી નાગરિકો પોતાની અનુકૂળતા મુજબ નજીકના મતદાન મથકે પહોંચીને કામગીરી કરાવી શકશે. તમામ ૨,૫૧૨ મતદાન મથકો પર BLO ની હાજરી નિશ્ચિત કરવામાં આવી હોવાથી નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે અને ઘરઆંગણે જ સુવિધા પ્રાપ્ત થશે. જિલ્લા તંત્ર દ્વારા રાજકોટ શહેર અને જિલ્લાના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના તેમજ પોતાના પરિવારના સભ્યોના નામની મતદાર યાદીમાં ચકાસણી કરી લે. જો કોઈ ફેરફાર કે નવી નોંધણી બાકી હોય તો આ ચાર રવિવાર દરમિયાન આયોજિત વિશેષ ઝુંબેશનો મહત્તમ લાભ લઈ લોકશાહીની આ મહત્વપૂર્ણ પ્રક્રિયામાં સક્રિય યોગદાન આપે.

રાજકોટ શહેરમાં આરાધ્યશક્તિની આરાધનાના પાવન પર્વ નવરાત્રીનો આનથી પ્રારંભ થઈ રહ્યો છે

અર્વાચીનના ૪૧ ગરબા આયોજકોને ફાયર NOC

નવરાત્રી પૂર્વે રાજકોટ તંત્ર એલર્ટ : સુરક્ષામાં કોઈ જ છૂટછાટ નહીં : સુરક્ષાના તમામ માપદંડો પૂર્ણ કરનાર આયોજનોને જ ટેમ્પરરી NOC ઈશ્યૂ, બાકીના ૭ સ્થળો પર આખરી ઈન્સ્પેક્શન

રાજકોટ, તા. ૧૦

રાજકોટ શહેરમાં આરાધ્યશક્તિની આરાધનાના પાવન પર્વ નવરાત્રીનો આગામી તા. ૧૭મીથી પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે ગરબા મહોત્સવોની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ખેલૈયાઓ કોઈ પણ જાતના ડર વગર સુરક્ષિત વાતાવરણમાં ઉત્સવ માણી શકે તે માટે રાજકોટ મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા પ્રબળ અને કડક પગલાં લેવામાં આવ્યા છે. તંત્રની સક્રિય કામગીરી અને આયોજકોના સકારાત્મક અભિગમને કારણે રાજકોટમાં મોટાભાગના ગરબા સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા મુદ્રત કરી દેવામાં આવી છે. કોમર્શિયલ ગરબા મહોત્સવ માટે ફાયર વિભાગને કુલ ૪૮ અરજીઓ મળી હતી, જેમાં પ્રાથમિક તબક્કે અરજીઓ આવ્યા બાદ ફાયર વિભાગના અધિકારીઓ અને ટીમો દ્વારા દરેક સ્થળ પર જઈ આકસ્મિક તપાસ અને ગ્રાઉન્ડ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કડક ઈન્સ્પેક્શન પ્રક્રિયા દરમિયાન અત્યાર સુધીમાં ૪૧ જેટલા ગરબા ગ્રાઉન્ડ પર ફાયર સેફ્ટીના તમામ જરૂરી સાધનો અને સુરક્ષા ધોરણો પૂર્ણ થયેલા જોવા મળ્યા હતા, જેથી તંત્ર દ્વારા આ ૪૧ આયોજકોને તાત્કાલિક ધોરણે ટેમ્પરરી ફાયર એનઓસી ઈશ્યૂ કરી દેવામાં આવી છે. ચીફ ફાયર ઓફિસર અમિત દવેના



જણાવ્યા મુજબ, સુરક્ષાના નિયમો સાથે કોઈ પ્રકારનું સમાધાન કરવામાં આવ્યું નથી અને સરકારની નવી ગાઈડલાઈન્સ મુજબ દરેક ગરબા ગ્રાઉન્ડ પર ૨૦૦ લીટર ક્ષમતાના પાણીથી ભરેલા બેરલ, ૬ કિલોના એબીસી ટાઈપના ફાયર એક્સટિંગ્યુશર અને ૪.૫ કિલોના સીઓટુ ફાયર એક્સટિંગ્યુશર જેવા સાધનો ચાલુ અને કાર્યરત સ્થિતિમાં રાખવા ફરજિયાત બનાવવામાં આવ્યા છે. જે આયોજકોએ તમામ સુરક્ષા સાધનો વસાવીને નિયમોનું સંપૂર્ણ પાલન કર્યું છે તેમને જ તુરંત મંજૂરી આપવામાં આવી છે, જ્યારે બાકી રહેલી માત્ર ૭ અરજીઓ અંગે પણ આજ સાંજ સુધીમાં સ્થળ તપાસ પૂર્ણ કરી જરૂરી પ્રક્રિયા બાદ એનઓસી આપવામાં આવશે.

વધુમાં તેમણે જણાવ્યું કે, ગરબાઓ અને એવેષાઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતા ફાયર વિભાગે નવરાત્રીના તમામ ૯ દિવસ દરમિયાન વિશેષ આયોજન કર્યું છે, કારણ કે રાત્રિના સમયે ગરબાના સ્થળો પર લાખોની ભીડ એકત્ર થતી હોય ત્યારે કોઈપણ ઈમરજન્સી કે ક્રોટીની સ્થિતિને પહોંચી વળવા માટે રાજકોટના તમામ ફાયર સ્ટેશનો પર ૨૪ કલાક રાઉન્ડ ધ ક્લોક સ્ટાફ અને ફાયર ફાઈટર્સ તૈનાત રહેશે. જો કોઈ આયોજક મંજૂરી વગર કે સુરક્ષાના સાધનો વગર ગરબાનું આયોજન કરશે તો તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

મહાશક્તિ જાગૃત કરો

સામુહિક પ્રયોગોથી ગરબીઓમાં : આધ્યાત્મિક માહોલ સર્જાઇ શકે



આજથી નવદુર્ગાની ઉપાસના અને સાધનાના મહાપર્વ નવરાત્રીનો શુભ પ્રારંભ થયો છે. સમગ્ર ગુજરાત અને વિશેષ કરીને રાજકોટ વિસ્તારમાં નોંધાયેલી ૮૦૦ જેટલી પ્રાચીન ગરબીઓ ભક્તિભાવપૂર્વક યોજાય છે. આ ઉપરાંત અર્વાચીન રાસોત્સવના ભવ્ય આયોજનો પણ અલગથી થાય છે. મૂળભૂત રીતે આ પર્વ આદ્યાશક્તિની અરાધના અને દિવ્ય સાધનાનું છે. પરંતુ વર્તમાન સમયમાં નવરાત્રીનો આ પાવન ઉત્સવ મોટાભાગે માત્ર મનોરંજન અને ભૌતિક આનંદ સુધી સીમિત બની ગયો છે. મનોરંજન સામે કોઈ વાંધો નથી, પણ સાથે દિવ્યતાના સ્પર્શ માટેના ગંભીર પ્રયાસો પણ ખૂબ જ જરૂરી છે.

જો પ્રાચીન અને અર્વાચીન બંને પ્રકારના આયોજનોમાં એક સાથે થોડો સમય, જેમ કે અડધો કલાક જેટલો સમય ફાળવવામાં આવે તો મોટો બદલાવ આવી શકે છે. સમગ્ર રાજકોટ વિસ્તારમાં એક જ સમયે, એક જ નિર્ધારિત શક્તિ-મંત્ર વગાડવાનો પ્રયોગ થઇ શકે છે. તે સમયે ગરબીમાં ઉપસ્થિત તમામ શ્રદ્ધાળુઓ, આયોજકો અને ખેલૈયાઓ એકાગ્ર થઈને આ મંત્રનો સામૂહિક જાપ કરે. મંત્ર વિજ્ઞાનના અદ્ભુત સિદ્ધાંત અનુસાર, જ્યારે હજારો લોકો એકસાથે એક જ મંત્રનો જપ કરે છે, ત્યારે લાખો મંત્રોની સામૂહિક ઉર્જાનું સર્જન થાય છે. આ સકારાત્મક ઉર્જા માત્ર વ્યક્તિગત જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે અત્યંત કલ્યાણકારી બની શકે છે.

આવા દિવ્ય અને આત્મિક પ્રયોગો સામૂહિક રીતે રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિ પર સહેલાઈથી થઈ શકે છે. શહેરની શ્રેષ્ઠ સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંગઠનો કે પૂજનીય સંતોએ આગળ આવીને આવું એક ભગીરથ મિશન ચલાવવું જોઈએ. આ મિશન દ્વારા નવરાત્રીમાં સાચો આધ્યાત્મિક માહોલ સર્જવાનો સનિષ્ઠ પ્રયાસ કરવો જોઈએ. આજકાલના ઝડપી યુગમાં ઉત્સવોની પવિત્રતા જાળવવા માટે આવા પ્રયોગો કરવા અત્યંત જરૂરી બન્યા છે.

નવરાત્રીમાં ગરબે ઘૂમવાની સાથે સાથે મંત્રશક્તિનો સંગમ થાય તો આ પર્વ ખરા અર્થમાં શક્તિ જાગરણનું સાધન બનશે. સામૂહિક સાધનાથી વાતાવરણમાં દિવ્ય સ્પંદનો ઉત્પન્ન થશે. લોકોમાં માનસિક શાંતિ અને આધ્યાત્મિક ચેતનાનો સંચાર થશે. આ પ્રયોગથી આપણી પ્રાચીન સંસ્કૃતિ અને ભક્તિ પરંપરા વધુ મજબૂત બનશે. ઉત્સવમાં દિવ્યતા ઉમેરાતા જ નવરાત્રીનું સાચું મહત્વ સાર્થક થશે.



દુકાનો બંધ, રસ્તાઓ બ્લોક

દિલ્હીના વિરોધ પ્રદર્શનોને પગલે ૨૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થવાનો અંદાજ

નવીદિલ્હી, તા. ૧૦

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીનો વિરોધ ચાલુ છે. વિરોધ પ્રદર્શનોને કાબુમાં લેવા માટે દિલ્હી પોલીસે પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. વિરોધ પ્રદર્શનોને કારણે દિલ્હીના રસ્તાઓ પર લાંબા ટ્રાફિક જામ થઈ ગયા છે, ઘણા વિસ્તારોમાં દુકાનો બંધ છે. આજીવિકા અને વ્યવસાયને ભારે અસર થઈ રહી છે. આખરે, દિલ્હી-NCRમાં રહેતા લાખો લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. વેપારીઓ અને ઉદ્યોગસાહસિકોના સર્વોચ્ચ સંગઠન, ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી (CTI) એ અંદાજે ₹૨,૦૦૦ કરોડના નુકસાનનો અંદાજ લગાવ્યો છે. CTIના ચેરમેન બ્રિજેશ ગોયલના જણાવ્યા અનુસાર, આ વિરોધ પ્રદર્શનથી ફક્ત દિલ્હીમાં જ આશરે ₹૨,૦૦૦ કરોડના વ્યવસાયને અસર થઈ શકે છે. તેમણે જણાવ્યું હતું કે નવરાત્રી અને રામલીલાના એક દિવસ પહેલા, દિલ્હીમાં ભયાનક પરિસ્થિતિ સર્જાઈ છે. લોકડાઉન જેવી પરિસ્થિતિ સર્જાઈ છે, અને અર્થતંત્ર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે. દરમિયાન, વિવિધ વિસ્તારોમાંથી મળતા અહેવાલો દર્શાવે છે કે દિલ્હીના તમામ મુખ્ય બજારો લોકડાઉન હેઠળ છે. સદર બજાર, ચાંદની ચોક, ચાવરી બજાર, કનોટ પ્લેસ, કરોલ બાગ, લાજપત રાય માર્કેટ, ભગીરથ પ્લેસ વગેરેમાં ધંધા સંપૂર્ણપણે ઠપ છે.

સીટીઆઈ ચેરમેનના જણાવ્યા મુજબ, દરરોજ ૩,૦૦,૦૦૦-૪,૦૦,૦૦૦ લોકો ખરીદી માટે દિલ્હી આવે છે. વિરોધ પ્રદર્શનોને કારણે સર્જાયેલી પરિસ્થિતિને કારણે, આ દુકાનદારો આજે દિલ્હીમાં પ્રવેશી શક્યા ન હતા, અને સ્થાનિક ગ્રાહકો પણ ટ્રાફિક જામ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓના ડરથી ઘરથી દૂર રહ્યા હતા. મેટ્રો સ્ટેશનો બંધ થવાથી મુશ્કેલીઓમાં વધારો થયો. મોટાભાગના મુખ્ય મેટ્રો સ્ટેશનો બંધ છે, જેના કારણે દિલ્હીમાં અવરજવર ઓછી છે. આની સેવા ક્ષેત્ર પર નોંધપાત્ર અસર પડી છે. પેટ્રોલ પંપ પર કોઈ ભીડ નહોતી, અને હોટલ, રેસ્ટોરન્ટ, સિનેમા હોલ, બ્યુટી પાર્લર અને સલુન્સમાં કોઈ બુકિંગ થઈ રહ્યું ન હતું. સીટીઆઈના જનરલ સેક્રેટરી ગુરમીત અરોરા અને રમેશ આહુજાના જણાવ્યા અનુસાર, તહેવારોની મોસમ ચાલી રહી છે. નવરાત્રી અને રામલીલા ૧૧ ઓક્ટોબરથી શરૂ થઈ રહી છે. તેથી, દિલ્હીના મુખ્ય વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો અને દેખાવો પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવો જોઈએ. ભવિષ્યમાં, દિલ્હીની બહાર વિરોધ પ્રદર્શન માટે કાયમી વિરોધ ક્ષેત્ર સ્થાપિત કરવું જોઈએ. આનાથી દિલ્હીમાં વ્યવસાયોને થતા રોજિંદા નુકસાનમાં ઘટાડો થશે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે વિરોધ પ્રદર્શનની પરવાનગી કોર્ટમાં હજુ પણ બાકી છે. નિર્ણય બાકી છે. દરમિયાન, CJP એ વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી, જ્યારે સરકારે પરવાનગી આપવાનો ઇનકાર કર્યો. આના કારણે દિલ્હીમાં વિરોધીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું છે. આનો ભોગ સામાન્ય માણસ બની રહ્યો છે.

રાહુલ ગાંધી જૂઠ્ઠા : સંબિત

કોઈ પણ પુરાવા વગર દેશમાં અરાજકતા ફેલાવવાનો ભાજપનો આરોપ

નવીદિલ્હી, તા. ૧૦

ભાજપે કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધી પર મોટો હુમલો કર્યો છે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધી દેશમાં ઉચ્ચ પદ પર રહેવા માટે હીરો નથી. તેમને સૌથી અસમર્થ નેતા ગણાવીને, તેમણે રાષ્ટ્રપતિને મળવાનો અને ખોટું બોલવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે પ્રશ્ન કર્યો હતો કે જો મત ચોરી થાય છે તો તેઓ કોર્ટમાં કેમ ન ગયા. તેમણે નકલી સમાચાર દ્વારા દેશમાં અરાજકતા ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ શનિવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને મત ચોરીના આરોપો પર રાહુલ ગાંધી પર સીધો હુમલો કર્યો હતો. તેમણે પ્રશ્ન કર્યો હતો કે રાહુલ ગાંધીએ મત ચોરીના પુરાવા કેમ ન બતાવ્યા. જો તેમની પાસે પુરાવાનો અભાવ હતો, તો તેઓ રાષ્ટ્રપતિ પાસે કેમ ગયા? જો તેમણે પુરાવા આપ્યા હોય, તો તેમણે તેમની સાથે



ખોટું કેમ બોલ્યા?

તેમણે કહ્યું કે આખો દેશ સુશાસન સાથે આગળ વધી રહ્યો છે, પરંતુ કેટલાક લોકો દેશને બંધક બનાવવા માંગે છે. સંબિત પાત્રાએ કહ્યું કે તેઓ શેરી લડાઈમાં રોકાયેલા છે અને રાષ્ટ્રપતિને પણ તેમાં ખેંચી લીધા છે. તેમણે દિલ્હીમાં આગ લગાડવાનું અને રાજધાનીને બંધક બનાવવાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો, અને કહ્યું હતું કે તેમના ઇરાદા ક્યારેય પૂરા થશે નહીં. સંબિત પાત્રાએ કહ્યું કે રાહુલ ગાંધી અને સમગ્ર વિપક્ષ બિનજરૂરી અવાજ કરી રહ્યા છે. તેમની પાસે મત ચોરીનો કોઈ પુરાવો નથી. તેમનું વલણ ચોર જેવો છે જે અવાજ કરે છે. પરંતુ તેમના ઇરાદા લોકો સમક્ષ સતત ખુલ્લા પડી રહ્યા છે. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર ચૂંટણીમાં ભાજપને મદદ કરવાનો આરોપ લગાવતા કહ્યું કે જ્ઞાનેશ કુમાર નહીં પરંતુ ભગવાન ગણેશ ભાજપને મદદ કરી રહ્યા છે. સંબિત પાત્રાએ રાહુલ ગાંધી પર રાષ્ટ્રપતિને મળવાનો અને મત ચોરીના ખોટા દાવા કરવાનો આરોપ લગાવ્યો. રાહુલને ''અક્ષમ નેતા'' ગણાવતા પાત્રાએ તેમના પર કોઈ પુરાવા વિના દેશમાં અરાજકતા ફેલાવવાનો આરોપ લગાવ્યો.

CJPના ત્રણ ટોચના નેતાઓ કસ્ટડીમાં

વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કોણ કરશે? દીપકે પહેલાથી રેકોર્ડ કરેલા વીડિયોમાં સમજાવ્યું

રાજકોટ, તા. ૧૦

શનિવારે સવારે દિલ્હી પોલીસે અભિજીત દિપકે, સૌરવ દાસ અને આશુતોષ રંકાને એરપોર્ટ પર અટકાયતમાં લીધા હતા. આનાથી પ્રશ્ન ઉભો થયોઃ ધરપકડ પછી આ આંદોલનનું નેતૃત્વ કોણ કરશે? જોકે, અભિજીત દિપકેએ પોતે એક વીડિયોમાં આ પ્રશ્નનો જવાબ આપ્યો. તેમણે સ્પષ્ટપણે કહ્યું, ''બધાને નમસ્તે, જો તમે આ વીડિયો જોઈ રહ્યા છો, તો તેનો અર્થ એ છે કે આશુ, સૌરવ અને મારી ધરપકડ કરવામાં આવી છે. અમારા પછી, અજિંક્ય આ આંદોલનનું નેતૃત્વ કરશે.'' અભિજીત દિપકેએ એમ પણ ઉમેર્યું, ''તમે બધા જે આ વીડિયો જોઈ રહ્યા છો, કૃપા કરીને અજિંક્ય શિંદેને ફોલો કરો. તે આશુતોષ, મારા અને સૌરવ પછી કોકરોચ જનતા પાર્ટીને આગળ ધપાવશે. આભાર.'' આ વીડિયોએ પુષ્ટિ આપી કે આ આંદોલનનું નેતૃત્વ કોણ કરશે. હવે એક નવો પ્રશ્ન ઉભો થાય છેઃ આ અજિંક્ય શિંદે કોણ છે? અજિંક્ય શિંદેએ અગાઉ સંગઠનનું નેતૃત્વ સંભાળ્યું છે.

અજિંક્ય વિશે સોશિયલ મીડિયા પર ઘણા દાવા થઈ રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે પહેલા આમ આદમી પાર્ટીમાં હતો અને હજુ પણ અઅઙ નેતાઓના



સંપર્કમાં છે. અજિંક્યને દીપકની નજીક માનવામાં આવે છે. તેઓ આમ આદમી પાર્ટીની મહારાષ્ટ્ર ટીમ માટે સોશિયલ મીડિયા કોઓર્ડિનેટર હતા. આમ આદમી પાર્ટીમાં જોડાતા પહેલા, અજિંક્ય સારા પગારવાળી નોકરી કરતા હતા. મહારાષ્ટ્રના દરિયાકાંઠાના શહેર અલીબાગના રહેવાસી, અજિંક્યના માતાપિતા ખેડૂત છે. કમ્પ્યુટર સાયન્સમાં સ્નાતક, અજિંક્ય ઘણા વર્ષો સુધી પુણેમાં એક આંતરરાષ્ટ્રીય આઇટી કંપનીમાં કામ કરતા હતા. ત્યાંથી, તેમણે નોકરી છોડી દીધી અને આમ આદમી પાર્ટી માટે પૂર્ણ-સમય કામ કરવાનું શરૂ કર્યું.

અજિંક્ય શિંદેની શક્તિ અભિજીત દીપકના વીડિયો પરથી સમજી શકાય છે. અભિજીત દીપક, આશુતોષ રંકા અને સૌરભ દાસ પછી, તેમને પાર્ટીમાં સૌથી શક્તિશાળી નેતા માનવામાં આવે છે. તેમને આ જવાબદારી સોંપવામાં આવી છે, અને આનાથી તેઓ ચર્ચામાં આવ્યા છે. અજિંક્ય શિંદે અગાઉ મહારાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીના યુવા પાંખના કન્વીનર તરીકે સેવા આપી ચૂક્યા છે. તેઓ લાંબા સમયથી અભિજીત દિપક સાથે પણ સંપર્કમાં રહ્યા છે. એવું પણ માનવામાં આવે છે કે દિપક પછી તેઓ સંગઠનમાં બીજા ક્રમે છે. ટોચના સીજેપી નેતાઓની ધરપકડ બાદ, આંદોલનના નેતૃત્વ પર પ્રશ્નો ઉભા થયા હતા. જોકે, દિપકના પહેલાથી રેકોર્ડ કરેલા વીડિયોમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે અજિંક્ય શિંદે આંદોલનનું નેતૃત્વ કરશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

આવો દર્શન કરીએ

૫૧ શક્તિપીઠમાં અંબાજીનું નામ બહુ આદરથી લેવાય છે, કારણકે ત્યાં સતીનું હૃદય પડ્યું હતું



ઘણાં લાંબા સમયથી લખાયું નથી, અને સીધું નવરાત્રી પર લખવાનું થયું! દેશ એવો વેશ એમ એક મહિનો ઓસ્ટ્રેલિયાની સફરે જઈ આવી! વેશની રીતે કદાચ આપણે આધુનિક થઈ શકીએ પણ અન્ય રીતે હિન્દુ સંસ્કાર જ શ્રેષ્ઠ છે. સંતાનોને છોડીને આવ્યાંનું દુ:ખ,થાક, માંદગી, બધું હતું છતાં,શો મસ્ટ ગો ઓન, એમ ચિંતન શરૂ કરવું એમ નક્કી કર્યું!; અને અંબાજી જેવી ઉચ્ચ આધ્યાત્મિક વારસો ધરાવતી શક્તિપીઠ! જેનું મહાત્મ્ય જ અનેરું છે! અને કદાચ એના દર્શન ની અનુભૂતિ શબ્દાતિ છે. ૧૧/૧૦ આસો નવરાત્રીનો પ્રારંભ થઈ ચૂક્યો છે, અને ઘરે-ઘરે માતાજીનાં સ્થાપન થશે, ગરબા મુકાશે, અને દિવ્ય જ્યોત પ્રગટાવી, દિવ્યતાનો પ્રકાશ પથરાશે, હિન્દુ સંસ્કૃતિમાં આખા વર્ષ દરમિયાન ચાર નવરાત્રિનો ઉલ્લેખ જોવા મળે છે. ટૂંકમાં નવરાત્રીની ભક્તિથી ઠારવામાં આવે છે. આજના સમયમાં ઋતુ ગમે તે હોય પણ લગભગ બધાની જીંદગી તપતી જ હોય છે, એટલે આપણે ગુજરાતનાં મુખ્ય નવ મંદિરો અને તેના સ્વરૂપ વિશે ''આવો દર્શન કરીએ'' માં તેની વાત કરીશું.

ભારતમાં કુલ ૫૧ શક્તિપીઠો છે અને તે દરેકમાં માતાજીનું અનન્ય સ્વરૂપ બીરાજમાન છે. અને દરેકનો ઇતિહાસ અને સ્થાનકનું મહત્વ પણ અલગ અલગ છે.

નવદુર્ગા નાં નવ સ્વરૂપની વાત કરીએ તો પ્રથમ શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કૂષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી, અને સિદ્ધિદાત્રી. આ બધા જ સ્વરૂપની અલગ અલગ આરાધના પદ્ધતિ છે, અને તેની આરાધના કરવાથી, અલગ-અલગ ફળ પ્રાપ્તિ પણ થાય છે, એવી શાસ્ત્રોકત વાત છે.આજે પ્રથમ દિવસે શૈલપુત્રી એટલે કે પર્વત પુત્રીનાં સ્વરૂપનું દર્શન કે આરાધના હોય છે.

આપણે આજે અંબાજી મંદિરની વાત કરીશું, જે ૫૧ શક્તિપીઠોમાં પ્રધાન શક્તિપીઠ માં આવે છે.જેને આપણે મા ગબ્બરવાળી, અથવા તો મા આરાસુરી અંબિકા પણ કહીએ છીએ. આ જગ્યાએ ગબ્બરનો ગોખ પણ છે, જ્યાં મૂળ સ્વરૂપે માતા બીરાજમાન હતાં, અને ત્યાં આજે પણ અખંડ જ્યોત રૂપે માતાનું સ્વરૂપ છે.

ગુજરાતની ઉત્તર દિશામાં રાજસ્થાનની સરહદ પાસે, અને અરવલ્લીનાં પહાડોની વચ્ચે આવેલું અંબાજી, ખૂબ જ મશહૂર યાત્રાધામ ગણાય છે.જે પાલનપુર થી ૬૫ કીલોમીટર, માઉન્ટ આબુ થી ૪૫ કીલોમીટર,અને આબુરોડ થી ૨૦કીલોમીટરની દૂરી પર આવેલ છે. ઉપરાંત પુરાણોમાં લખ્યું છે કે અહીં અંબિકાવન હતું. અંબાજી એ સમુદ્ર સપાટીથી ૧૫૮૦ ફીટની ઉંચાઇ ઉપર અરવલ્લીના પહાડોની વચ્ચે વસેલું છે. અંબાજી મંદિરમાં કોઇ દેવીની મૂર્તિની પૂજા થતી નથી. પરંતુ વીસાયંત્રની પૂજા કરાય છે. આ યંત્ર માન્યતા અનુસાર શ્રીયંત્ર છે, જે ઉજ્જૈન તેમ જ નેપાળના શક્તિપીઠોના મૂળ યંત્ર સાથે સંકળાયેલું હોવાનું, અને યંત્રમાં એકાવન અક્ષર હોવાનું પ્રમાણ છે. આ યંત્રની દર મહિનાની આઠમે પૂજા થાય છે. આ તીર્થક્ષેત્રમાં બારે માસ ખૂબ યાત્રીઓ દર્શન માટે આવતાં હોય છે. દર માસની પુનમે બહુ મોટી સંખ્યામાં ભાવિકો અહીં આવે છે, અને મંદિરના શિખર ઉપર ધજા ચઢાવે છે. ધાર્મિક રીતે અંબાજી ભારતની શક્તિપીઠમાં મહત્વનું સ્થાન ધરાવે છે. અહીં સરસ્વતી નદીનું ઉદગમસ્થાન અને મા જગત જનની આદ્યશક્તિનું પુરાણપ્રસિધ્ધ સ્થાન છે. અંબાજીથી બે કિલોમીટર દૂર ગબ્બરના પહાડ પર આવેલી ગુફામાં અંબામાતાનું આદિસ્થાન મનાય છે. અંબાજીમાં નવરાત્રિનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. મંદિરની નજીક આવેલ વિશાળ સ્થાપત્ય કલાનું બેનમૂન વર્ષો પુરાણું માન સરોવર આવેલું છે. જ્યાં કૃષ્ણ ભગવાનની ચૌલ ક્રિયા કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત રામાયણમાં પણ ભગવાન રામ અને લક્ષ્મણ સીતાજીની શોધમાં નીકળ્યા હતા, ત્યારે મા આદ્યશક્તિ એ સાક્ષાત પ્રસન્ન થઈને, તેમને રાવણ ને મારવાનું બાણ આપ્યું હતું.અવતારોએ પણ જન્મ લીધો ત્યારે તેમણે મા જગજનનીની ઉપાસના કરી હતી. સ્વયં વિષ્ણુ ભગવાને પણ જગત જનનીની સ્તુતિ પૂજા આરાધના વગેરે કર્યું હતું, સૃષ્ટિનું સર્જન કર્તા પણ જગત જનનીને ચરણે ગયા હતા.

આ ઉપરાંત અહીં માતાજીના ચાર સ્વરૂપની રોજ પૂજા આરાધના થાય છે, સવારે બાળા સ્વરૂપની, બપોરે યુવાન એટલે નવયૌવના યુવતી સ્વરૂપ સાંજ પડે પ્રૌઢા ને રાત્રે વૃદ્ધા સ્વરૂપની આરાધના કે પૂજા થાય છે. કહેવાય છે કે મનવાંછિત ફળ પ્રાપ્ત કરવા માટે એટલે કે બાળકની ઈચ્છા ધરાવનારે સવારના ભાગમાં, અહીં પૂજા-આરાધના કે દર્શનનો મહિમા છે. લગ્ન માટે યુવાનો અને યુવતીઓ બપોરના સમયે આવી અને દર્શન વગેરે કરે છે, સાંજે રોગમુક્તિ કે અવસ્થાના બંધનોની મુક્તિ માટેની પ્રાર્થના થાય છે, જ્યારે વૃધ્ધા અવસ્થામાં શરીરના અંતિમ તબક્કામાં શાંતિ અને આનંદની પ્રાપ્તિ માટે પૂજા કરવામાં આવે છે.આ તો એક વાત છે બાકી જગતજનની તો જ્યારે દર્શન કરીએ, ત્યારે પવિત્ર અને પુનિત ભાવના આશિષ આપનારી જ સદા દિસે છે.

દંતકથા અનુસાર દક્ષ યજ્ઞમાં પોતાના પતિનું અપમાન સહન ન કરી શકનાર સતી, યજ્ઞકુંડમાં પોતાની જાતને સ્વાહા કરી દે છે, અને વીરભદ્ર વગેરે ગણો દક્ષના મસ્તકનો છેદ કરે છે,પછી તેના ધડ પર બકરાનું માથું મૂકી, તેને સજીવન કરવામાં આવે છે, અને તે ભગવાન શંકરની માફી માંગે છે. ભગવાન શંકર પોતાની પત્ની સતીનું અડધું બળી ગયેલું શરીર લઈ અને ગુસ્સામાં અહીંથી તહીં ભટકે છે, અને સમગ્ર સૃષ્ટિના નાશની ભીતિથી ભગવાન વિષ્ણુનું સુદર્શન ચક્ર વડે, સતીના દેહના કટકા કરતા જાય છે, અને આ આખા શરીરના ૫૧ કટકા થાય છે. જે જુદી જુદી જગ્યાએ પડે છે અને ત્યાં ભગવાન શંકર સતી સાથે સાક્ષાત મૂર્તિ સ્વરૂપે બિરાજે છે, તેથી તેને શક્તિપીઠ કહેવામાં આવે છે. અરવલ્લીની પર્વતમાળામાં જ્યાં આજે અંબાજીનું મંદિર છે, તે જગ્યાએ માતા સતીના હૃદયનો ભાગ પડ્યો હતો, એવી એક દંતકથા છે, અને આ સ્થળ એટલે પ્રધાન શક્તિપીઠમાં ગણવામાં આવે છે.

આપણે સૌ જાણીએ છીએ, કે માતા સતી દક્ષયજ્ઞમાં સમાઈ ગયા. ત્યારબાદ તેમનો બીજો જન્મ હિમાચલના ઘરે તેમની પુત્રી તરીકે થયો, અને ત્યાં તેમનું નામ પાર્વતી રાખવામાં આવ્યું, આથી શૈલપુત્રી એટલે કે પર્વતની પુત્રી પાર્વતી એ નવદુર્ગાનું પ્રથમ સ્વરૂપ છે. જે સ્વભાવે શાંત અને સહનશીલ છે, તથા શંકર પ્રિયા તરીકે ફરીથી તેમની સાથે વિવાહ કરે છે.

મા જગત જનનીની આરાધના કરવા માટે આપણને વર્ષમાં ચારવાર નવ નવ દિવસ અને રાત્રી મળે છે, તો આપણે સૌએ આ સમયનો સદુપયોગ કરી, માતાને આરાધી લઈએ તેમજ જીવનની બધી જ સમસ્યાઓ તેને ચરણે મૂકી, અને તેજ જીવાડે તેમ જીવવું તેવો સંકલ્પ કરીને નિશ્ચિંત બનીએ. છોરુ કછોરુ થાય પણ માતા કુમાતા કદી ન થાય, એવી આપણે ત્યાં એક પ્રચલિત કહેવત છે. એટલે આપણા આજ સુધીના તમામ કર્મોને માફ કરીને પણ તે આપણી સદા રક્ષા કરતી આવી છે, અને આગળ પણ કરશે એ ભરોસા સાથે આપણે સૌ આ નવરાત્રીમાં તેની આરાધના કરીએ, અને સાંપ્રત સમયમાં આપણા સૌનો એક જ દુશ્મન છે, અને તે છે આપણો અહંકાર પ્રેરિત સ્વભાવ તો આપણે સૌ એક થઈને માતાને ચરણે પ્રાર્થના કરી તેને ભગાડી શકીએ તો પણ ઘણું. જય અંબે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

શહેર પોલીસે ઠેકઠેકાણે દરોડા પાડી દેશી વિદેશી દારૂ, હથીયારના કેસ કર્યા

દારૂ સાથે છ મહિલા સહિત આઠ ઝબ્બે

કુગ્ગા રમકડાનો ધંધો કરતાં બે શખ્સો સાથે છરીઓ પણ રાખતા હતાંઃ અન્ય બે શખ્સ પણ છરી સાથે પોલીસની ઝપટે આવ્યા

રાજકોટ, તા. ૧૦

શહેરમાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસ સતત ડ્રાઇવ યોજતી રહે છે. વધુ એક ડ્રાઇવમાં દેશી વિદેશી દારૂ સાથે છ મહિલાઓ સહિત આઠ, વિદેશી દારૂ સાથે ત્રણ અને છરી સહિતના હથીયારો સાથે સાથે શહેરમાં દેશીદારૂ, અંગ્રેજી દારૂ અને છરી સહિતના હથીયારો લઇને ફરતા ચાર પકડાયા હતાં.

પ્र. નગર પોલીસે કિટ્ટીપરા મેઇનરોડ પરથી કપીન- ટીડીયાભાઇ રાઠવાને બે લીટર દેશી દારૂ સાથે,નરસંગ પરમાંથી રમેશ ભોજરાજમલ સેતવાણીને પાંચ લીટર સાથે,યુનિવર્સિટી પોલીસે રૈયાધારમાંથી ગીતા વિનોદભાઇ મકવાણાને ૧૪લીટર સાથે, સોનલ રાજુભાઇ વાઘેલાને ૧૦ લીટર સાથે,વસંત પ્રવિણભાઇ સાડમીયાને ૧૫ લીટર દારૂ સાથે પકડી લીધો હતો.

આ ઉપરાંત ગુલાબ કમશીભાઇ સાડમીયાને માલવીયાનગર પોલીસે પુનીતનગર ટાંકા પાસેથી રોશન ભરતભાઇ મંદુરીયાને દેશી દારૂ બનાવવાના ૧ હજાર લીટર કાચા આથા સાથે અને તાલુકા પોલીસે મવડી બાયપાસ પર ચોંકળા કાંઠેથી જયા સંજયભાઇ વાઘેલાને ૬ લીટર દેશી દારૂ સાથે પકડી લીધા હતા. બીજી તરફ વિદેશી દારૂના ત્રણ દરોડા, આ ઉપરાંત માલવીયાનગર પોલીસના હેડકોન્સ એ.બી. જીલરીયા, કોન્સ.જગદીશભાઇ કોડીયાતર સહિતના સ્ટાફ મવડી પર અશોક ગાર્ડન પાસેથી દિવ્યરાજ મયુરસિંહ પરમાર-લક્ષ્મીનગર, નાનામવા મેઇન રોડને પકડી રૂા. ૪૨૦૦ની દારૂની ૩ બોટલ અને એકટીવા સહિત રૂા. ૨૪,૨૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો.



તેમજ અન્ય દરોડામાં એ ડીવીઝન પોલીસના હેડ કોન્સ. કે.વી.બોરીચા, કોન્સ. મયુરધ્વજસિંહ જાડેજાએ કોઠારીયા નાકા પાસે દિવાનપરા શેરી નં. ૧૦ માંથી એકસેસમાં દારૂ સાથે મનીષ સુરેશભાઇ લોઢીયા રહે. કણકોટ ગામ, કાલાવડ રોડ અને હરેશ નાથાભાઇ વધેરા રહે. સોરઠીયા પ્લોટ, જીલ્લા ગાર્ડન ચોક પાસેને પકડી દારૂના બે ચપલા અને સ્કુટર સહીત રૂા.૪૦,૪૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. મનીષ દારૂ લઇને હરેશને આપવા નિકળ્યો હતો. ત્યારે પોલીસે બંનેને પકડી લઇ કાર્યવાહી કરી હતી. આજી ડેમ પોલીસના કોન્સ. મનીષભાઇ ચીરોડીયા સહિતના સ્ટાફે જડેશ્વર વેલનાથ પાર્કમાં રહેતા કમલેશ શામજીભાઇ વઘેરાના મકાનમાંથી ૫૫૮૮ની કિંમતની દારૂની ૧૯ બોટલ કબ્જે કરી છે.

જ્યારે ભકિતનગર પોલીસના પી.આઇ. જે. ડી. પરમારની રાહબરીમાં હેડ કો. કેતનભાઇ બોરીચા, કો. રવીભાઇ રત્નુ સહિતના સ્ટાફે ઢેબર રોડ પર અટીકા ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ફાટક પાસેથી કુહાડી સાથે ભરત બાબુભાઇ વાઘેલા, (પરમેશ્વર સોસાયટી શેરી નં. ૨, અટીકા પાસે) અને છરી સાથે સુરેશ બચુભાઇ કારોડીયા (રહે. તીરૂપતી ગણેશ સોસાયટી પાછળ, ગ્રીન લેન્ડ ચોકડી નજીક)ને ઝડપી લીધા હતાં. બંને શખ્સો ફુગા અને રમકડા વેચવાનો ધંધો કરે છે. આ ઉપરાંત પ્र.નગર પોલીસે રૂખડીયાપરા ફાટક પાસેથી શાહમદારને, તથા બી ડીવીઝન પોલીસે આરટીઓ ઓફીસ પાછળ હુડકો કવાર્ટરમાંથી વિનય ઉર્ફે વિનુ ઉર્ફે ભુરો મનસુખભાઇ ડાભીને દબોચી લઇ કાયદાનું ભાન કરાવાયું હતું.

રાજકોટ-અમદાવાદ પાટે ગ્રીનલેન્ડ ચોકડીએથી દોડતી ટેક્સીના ચાલકો વચ્ચે વધુ એક બબાલ

ટેક્સીચાલકને હાથના કડા, પાઇપથી કરાયો લોહીલુહાણ



એક ટેક્સીચાલકને બીજાએ અહિથી મુસાફરો ભરશો તો અમદાવાદમાં તમારી ગાડી પકડાવી દઇશ તેવુ કહી ગાળો દીધા બાદ બીજાને બોલાવી હુમલો કર્યો

રાજકોટ તા. ૧૦

શહેરની ગ્રીનલેન્ડ ચોકડીથી અમદાવાદ જવા માટે ખાનગી બસો ઉપરાંત ખાનગી ટેક્સીઓ પણ ભરપુર પ્રમાણમાં મળી રહે છે. જો કે આ પાટે દોડતી ટેક્સીના ચાલકો વચ્ચે ઘણીવાર મુસાફરો માટે થઇને બાકાઝીકી બોલી જતી હોય છે. વધુ એક વખત અહિ એક ટેક્સીચાલકને લોહીલુહાણ કરી નખાયો હતો. તેના પર હુમલો કરનારા પણ અન્ય ટેક્સીચાલક અને તેના સાગ્રીતો જ હતાં. હુમલાખોરે જો તમે અહિથી મુસાફરો લઇને જશો તો અમદાવાદમાં પોલીસ અમારી જ છે તેની પાસે તમારી ગાડી પકડાવી દઇશ તેમ કહી ધમાલ મચાવી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે ટેક્સીચાલકો વચ્ચે મુસાફરો ભરવા મામલે માથાકુટના બનાવ અવાર-નવાર બનતાં રહે છે. દરમિયાન આજે વહેલી સવારે રાજકોટ-અમદાવાદ પાટાની ટેક્સીના ચાલક ઘનશ્યામનગરના યુવાનને તે પોતાની ટેક્સીમાં મુસાફર બેસાડતો હતો ત્યારે અન્ય ટેક્સી ચાલકે ઝઘડો કરી બીજા શખ્સોને બોલાવી લોખંડના પાઇપ અને હાથમાં પહેરવાના કડાથી હુમલો કરી યુવાનને લોહીલુહાણ કરી નાંખતાં સારવાર માટે દાખલ કરાયો હતો. વધુ માહિતી અનુસાર કોઠારીયા રોડ ઘનશ્યામનગરમાં રહેતો કૈલાસભાઇ દેવરાજભાઇ ચારણ નામનો ત્રીસ વર્ષનો યુવાન સવારે સાડા ત્રણેક વાગ્યે ગ્રીનલેન્ડ ચોકડીએ હતો ત્યારે માથાકુટ થઇ હતી.

પોલીસ ચોપડે થયેલી નોંધ મુજબ જેસીંગભાઇ રાતડીયા અને તેની સાથેના વિપુલ સહિતના પાંચેક શખ્સોએ ગાળો દઇ ઢીકાપાટુનો માર મારી તેમજ હાથમાં પહેરવાના કડાથી અને લોખંડના પાઇપથી આડેધડ માર મારતાં માથા, શરીરે ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને કરી હતી. કૈલાસભાઇ બે ભાઇ અને બે બહેનમાં નાનો છે. તેણે કહ્યું હતું કે પોતે દરરોજ રાજકોટ-અમદાવાદ પાટે ટેક્સી ચલાવે છે. ગ્રીનલેન્ડ ચોકડીએથી તે સવારે મુસાફરો બેસાડતો હતો.

આ વખતે અન્ય ટેક્સી ચાલક જેસીંગભાઇ રાતડીયાએ અહિથી મુસાફરો ભરવાની ના પાડી હતી અને આ સ્થળેથી પોતે જ બધા મુસાફરો ભરશે તેમ કહી ઝઘડો કર્યો હતો. તેમજ જો તમે અહિથી ગાડી રવાના કરશો તો અમદાવાદમાં પોલીસ પાસે તમારી ગાડી પકડાવી દઇશ તેમ કહી માથાકુટ કરી હતી. આ પછી ફોન કરતાં વિપુલ સહિતના શખ્સો કારમાં આવ્યા હતાં અને હુમલો કર્યો હતો. તેના દિકરી પોલીસમાં હોવાનું પણ તે બધાને કહેતાં હોવાનું જણાવાયું હતું. આક્ષેપો અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. અગાઉ પણ અહિ મુસાફરોને બેસાડવા મામલે આ રીતે માથાકુટ થઇ હતી. તેમજ રાજકોટ જામનગર પાટાના ટેક્સીચાલકો વચ્ચે પણ આવી માથાકુટ થઇ હતી.

પંદર મિનીટમાં દાવ થઇ ગયો ત્રણ સ્માર્ટ મીટર સાથેનું સ્કૂટર છૂ

પીજીવીસીએલ કર્મચારી નાસ્તો કરીને આવ્યા ત્યાં વાહન ગાયબ હતું

રાજકોટ તા. ૧૦

તસ્કરો ગમે ત્યાં તક મળતાં જ દાવ કરી લેતાં હોય છે. દરમિયાન એક ઘટનામાં મિનિટનો નાસ્તો પીજીવીસીએલના કર્મચારીને ૭૫ હજારમાં પડયો હતો. ગંજીવાડા શેરી નં. ૭૨ પાસે શૌચાલય નજીક કર્મચારીએ પોતાનું એકસેસ પાર્ક કર્યુ હતું તે કોઇ પંદર મિનીટમાં ઉઠાવી ગયુ હતું. જેની ડેકીમાં ત્રણ સ્માર્ટ મીટર પણ હતાં.



થોરાળા પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાઇ હતી. નવા થોરાળાની ન્યુ કિષ્ના પાર્ક-૨ શેરી નં. ૨ માં રહેતાં અને કોઠારીયા રોડ પર પીજીવીસીએલ સબ ડીવીઝનમાં કોન્ટ્રાકટ બેઇઝ પર ઇલેકટ્રીક સ્માર્ટ મીટર ફિટીંગ કરવાની નોકરી કરતાં અંકિત નરેન્દ્રભાઇ દવેરાએ આ મામલે થોરાળા પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કેગઇ તા. ૮ના બપોરે એકાદ વાગ્યે એકસેસ લઇ કોઠારીયા રોડ પીજીવીસીએલ સબ ડિવીઝનથી ગંજીવાડા શેરી નં. ૭૨ પાસે જાહેર શૌચાલય પાસે પહોંચ્યો હતો. ત્યાં સ્કુટર પાર્ક કરીને તે નાસ્તો કરવા ગયો હતો. આશરે ૧૫ મિનિટ બાદ તે પરત આવતા તેનું પાર્ક સ્કુટર જોવા નહિ મળતા આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ કોઇ પત્તો લાગ્યો ન હતો. તેના સ્કુટરની ડેકીમાં ત્રણ સ્માર્ટ ઇલેકટ્રીક મીટર ઉપરાંત મીટરના ૯ નંગ સીલ હતા. અને સ્કુટર મળી તસ્કરો કુલ રૂા. ૭૫ હજારની મત્તા ચોરી ગયાની જાણ થતા ફરીયાદ નોંધાવી હતી.થોરાળા પોલીસના એએસઆઇ વી. જી. બોરીચાએ ગુનો દાખલ કરી તપાસ આળગ ધપાવી હતી.



બેભાન હાલતમાં મહિલા સહિત ત્રણની જિંદગીની સફર ખતમ

રાજકોટ તા. ૧૦

બેભાન હાલતમાં વધુ ત્રણ લોકોની જિંદગીથી સફરનો અંત આવી જતાં તેમના સ્વજનોમાં શોક વ્યાપી ગયો હતો. વિગતો જોઇએ તો મોરબી રોડ સેટેલાઇટ ચોક રોયલ પાર્ક-૧માં રહેતાં સુડતાલીસ વર્ષના શીતલબેન જયેશભાઇ મોરાણીયા સવારે ઘરે બિમારીને કારણે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી.

બીજા બનાવમાં રૈયા ગામ ડો. આંબેડકરસાહેબની પ્રતિમા પાસે રહેતાં બાવન વર્ષના મુકેશભાઇ શામજીભાઇ મકવાણા ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આ બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. ત્રીજા બનાવમાં બનાવમાં રૈયાધાર ઇન્દિરાનગર-૩માં રહેતાં અઠાવન વર્ષના જીવાભાઇ માધાભાઇ વરમીયા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ. પરંતુ અહિ દમ તોડી દીધો હતો.

બેડીના આધેડે કાગદડીના પાટીયે હાથ-શરીરે બ્લેડથી કાપા માર્યા

દિકરો જેની સાથે કામ કરે છે તે પશુપાલક દિકરાને પરત મોકલતા ન હોઇ પગલુ ભર્યું

રાજકોટ તા. ૧૦

તાલુકાના વાછકપર બેડી ગામના આધેડએ કાગદડી ગામના પાટીયા પાસે પોતાના શરીરે અને હાથ પર બ્લેડથી કાપા મારી લેતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. આધેડના કહેવા મુજબ તેનો સગીર દિકરો કાગદડીના પશુપાલક સાથે કામ કરે છે. તેને હવે ભણાવવો છે પણ પશુપાલક તેને પાછો આવવા દેતાં ન હોઇ પોતે આ પગલુ ભર્યું હતું.

વિગતો જોઇએ તો રાજકોટ મોરબી હાઇવે પર આવેલા વાછકપર બેડી ગામે રહેતાં રતિભાઇ દાનભાઇ વાંજા નામના પિસ્તાલીસ વર્ષના આધેડે સવારે અગીયારેક વાગ્યે કાગદડીના પાટીયે પોતાની જાતે હાથ પર અને શરીર પર બ્લેડની છરકા મારી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. રતિભાઇ પોતે પરિવારના એકના એક આધાર છે. સંતાનમાં ત્રણ દિકરા છે અને મજુરી કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું હતું કે સાત



વર્ષ પહેલા પત્નિ ચકુબેનનું કાળીપાટ પાસે એસટી બસની ઠોકરે મોત થયું હતું.


હાલમાં તેનો એક સગીર વયનો દિકરો કાગદડીના નવઘણ સામે માલઢોર ચારવામાં મદદ કરવાનું કામ કરે છે. તેના દિકરાને હવે પોતે ભણાવવા ઇચ્છે છે. પણ નવઘણ તેને ત્યાંથી આવવા દેતો ન હોઇ જેથી કંટાળી જઇ પોતે બ્લેડથી છરકા કરી લીધા હતાં. આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને કરતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

ઢેબર રોડ પર બનાવઃ બે ગઠીયા કેસ ડિસ્પેન્સરમાં પટ્ટી લગાવી દેતાં ગ્રાહક પ્રોસેસ કરે તો રૂપિયા બેંકમાંથી ઉપડી જતાં પણ તેને મળતાં નહિ

વધુ એક ATM ફ્રોડઃ બાવીસ લોકોના દોઢ લાખ ગયા

રાજકોટ તા. ૧૦

એ.ટી.એમ. મશીનમાં કેસ ડિસ્પેન્સર બોક્ષમાં કારીગીરી કરી કાગળ કે પુઠાનો ટુકડો લગાડી ૧૧ જેટલા ગ્રાહકોની ૩૪,૫૦૦ની રોકડ ચોરી કરવા મામલે માલવીયાનગર પોલીસમાં ફરીયાદ નોંધાયા બાદ આવો વધુ એક ગુનો ઢેબરરોડ પર કાંતા સ્ત્રી વિકાસગૃહ ચોક પાસેના એટીએમમાં પણ બન્યો હોવાનું સામે આવ્યું હતું. બેગઠીયાઓએ અહિ બાવીસ ગ્રાહકોના ૧.૫૮ લાખ ચોરી લીધાની એફઆઇઆર ભક્તિનગર પોલીસે દાખલ કરી છે.



વિગતો જોઇએ તો આ મામલે પારસી અગીયારી ચોકમાં તક્ષશીલા સોસાયટીમાં રહેતા ઢેબરરોડ એસ. બી.આઇ. બેંકના શાખામાં બ્રાંચ મેનેજર તરીકે નોકરી કરતા અલોક અતુલ ચંન્દ્રાએ ભક્તિનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે જેમાં જણાવ્યુ કે તે મુળ બિહારના છે ગઇ તા.૨ના સવારના પોણા સાતથી રાત્રીના ૧૦ વાગ્યા સુધીમાં બે અજાણ્યા ગઠીયાએ બેંકના એ.ટી.એમ. મશીન રૂમમાં ગયા બાદ એ.ટી.એમ.મશીનમાં રૂપિયા નિકળવાની જગ્યા કેશ ડિસ્પેન્સર બોકસમાં પુઠાનો ટુકડો લગાડી અલગ-અલગ ૨૨ ગ્રાહકોના રૂા.૧,૫૮,૯૦૦ની રકમ લઇ જઇ ચોરી કરી હતી. ઉલ્લેખનીય છે કે, ચોરી કરનાર બને ગઠીયાને પોલીસે સંકજામાં લઇ પુછતાછ શરૂ કરી હોઇ વધુ ગુના ઉકેલાવાની આશા છે.

રામનાથ ઇન્ડસ્ટ્રીઝનો બનાવ : માલિક દવાખાનાના કામમાં વ્યસ્ત હોવાથી તસ્કરોને મળ્યું મેદાન

ચબરાક ચોરે ઝીંક મેટલનો માલ ચોરી સસ્તામાં વેંચ્યો

વેપારીને પોતાનો માલ બજારમાં સસ્તામાં વેંચાતો હોવાની પરિચીત મારફત ખબર પડીઃ માલ કેવી રીતે ચોરાયો તેની તપાસ કરતાં હતાં ત્યાં બીજી વખત પણ ચોરી થઇ ગઇઃ આજીડેમ પોલીસ દ્વારા તપાસ

રાજકોટ, તા. ૧૦

શહેરના આજીડેમ વિસ્તારમાં રામનાથ ઇન્ડસ્ટ્રીયલ રોડ પર આવેલ કારખાનામાંથી ઝીંક મેટલના સ્ક્રેપની ચોરી થઇજતાં પોલીસને જાણ કરાઇ છે. કારખાનાની બાજુમાં આવેલ અન્ય કારખાનાની સીડી પરથી છત વાટે અંદર ઘૂસીને ચોરે આશરે ૩૫૭ કિલો ઝીંક મેટલ કિંમત રૂા. ૧,૨૭,૮૦૬ની ચોરી કરી ગયો હતો. જો કે ભઠ્ઠીના માલિકને પોતાના કારખાનાનો માલ બજારમાં સસ્તામાં વેંચાવા ગયો ત્યારે પરીચીત મારફત જાણ થતાં તેણે તપાસ કરી હતી અને ચોરીની ખબર પડી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં આજીડેમ પોલીસ રામવન રોડ રાધાકૃષ્ણ સોસાયટી શેરી નં. ૪માં રહેતાં અને રામનાથ ઇન્ડસ્ટ્રીમાં શ્રીનાથજી મેટલ નામે ભઠ્ઠી ચલાવતાં ત્રીસ વર્ષના અર્જુનભાઇ કરણભાઇ હુંબલની ફરિયાદ પરથી ગુનો નોંધી તપાસ આદરી છે. તેઓ ઝીંક મેટલનો જૂનો સ્કેપ મગાવીને તેને ભઠ્ઠીમાં ઓગાળી માલ તૈયાર કરી બજારમાં વેચવાનો ધંધો કરે છે. તેમના કારખાનામાં ત્રણ પુરૂષ અને બે મહિલા કર્મચારીઓ નોકરી કરે છે અને રાત્રિના સમયે કોઇ ચોકીદાર રાખવામાં આવતો નથી. તા. ૨૮/૦૯ના સાંજે છએક વાગ્યાના સુમારે અર્જુનભાઇને મોહીતભાઇ દુધાત્રા (રહે. પટેલ નગર, રાજકોટ)નો ફોન આવ્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે-અર્જુનભાઇ, તમારી મેટલ માર્કેટમાં સસ્તા ભાવે વેચાવા આવેલ છે.



આથી અર્જુનભાઇએ મહેશભાઇના કારખાને જઇને મેટલ જોતા તે તેમની જ ભઠ્ઠીનો માલ હોવાનું જણાતાં ચોરી થઇ હોવાની આશંકા ગઇ હતી. તે વખતે માલ આશરે ૧૮૦ કિલો કિંમત રૂા. ૬૪,૩૫૦નો હતો. તે સમયે અર્જુનભાઇની દિકરી બીમાર હોવાથી તેઓ દવાખાનાના કામમાં રોકાયેલ હતા. ત્યારબાદ તા. ૨/૧૦ના રોજ સાંજે ૬ થી ૭ વાગ્યા વચ્ચે મોહીતભાઇએ ફરી ફોન કરીને જણાવ્યું કે-તમારી ભઠ્ઠીનો માલ ફરી વખત આવેલ છે. અર્જુનભાઇએ ત્યાં જઇને જોતા ૧૭૭ કિલો માલની ચિઠ્ઠી જોવા મળી હતી. પોતાની ભઠ્ઠીમાંથી કોઇને માલ વેચ્યો ન હોવા છતાં આ માલ બજારમાં વેચાવા આવતા અર્જુનભાઇએ ભઠ્ઠી પર જઇને તપાસ કરી હતી, જ્યાં માલ ઓછો જણાયો હતો. સીસીટીવી કેમેરા ચેક કરતા તેનું ડીવીઆર અને સેલ ખલાસ થઇ ગયેલ હોવાથી રેકોર્ડિંગ બંધ મળ્યું હતું. ભઠ્ઠીના ડેલાના દરવાજાથી એટલો બધો માલ બહાર નીકળી શકે તેમ ન હોવાથી અર્જુનભાઇએ આસપાસ તપાસ કરી હતી. તપાસ દરમિયાન માલુમ પડ્યું કે તેમની ભઠ્ઠીની બાજુમાં આવેલ કારખાનાના ઉપરના ભાગેથી સીડી વાટે તેમની ભઠ્ઠીની અંદર ખુલ્લી જગ્યામાં ઉતરી શકાય તેમ છે. તસ્કર કે તસ્કરો સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં અલગ અલગ દિવસે બે વખત અહિથી કુલ રૂા. ૧,૨૭,૮૦૬નો ૩૫૭ કિલો ઝીંક મેટલ સ્ક્રેપ ચોરી ગયાનું જણાતાં અંતે પોલીસને જાણ કરી હતી. આજીડેમ પીએસઆઇ એમ. જે. વરૂએ આ અંગે તપાસ શરૂ કરી હતી.

રોજેરોજ અલગ અલગ પરિવારો અલગ અલગ રીતે ગુમાવી દે છે પોતાના સ્વજનોઃ વધુ છ કરૂણ ઘટના

દોઢ વર્ષના બાળક-યુવાનના અકસ્માતમાં મોત

બાળક રમતો રમતો ટ્રેકટર તરફ ભાગતાં વ્હીલ માથે ફરી ગયુંઃ યુવાન લોન્ડ્રીના કપડા લેવા જતો હતો ત્યારે વાહન બોલેરોમાં અથડાતાં જીવ ગયોઃ પાર્સલ ડિલીવરી માટે નીકળેલા આધેડનું હૃદય બેસી જતાં અને બેભાન હાલતમાં યુવાન, મહિલાના મોતઃ શ્વાસની તકલીફ થતાં છ વર્ષની બાળકીનો જીવ ગયો

રાજકોટ, તા. ૧૦

રોજબરોજ કોઇને કોઇ પરિવારના સદસ્યોની અલગ અલગ કારણોસર કાયમને માટે વિદાય થઇ જતી હોવાની કરૂણ ઘટનાઓ બનતી રહે છે. વધુ આવા અપમૃત્યુના છ બનાવોમાં પરિવારોએ સ્વજનો ગુમાવ્યા છે. જેમાં દોઢ વર્ષના બાળકનું રમતી વખતે માથા પર ટ્રેકટરનું વ્હીલ ફરી જતાં મોત થયું છે. તો બીજા બનાવમાં લોન્ડ્રીના કપડા લેવા જઇ રહેલા યુવાનનું મોટરસાઇકલ બોલેરો સાથે ભટકાઇ જતાં તેનો જીવ ગયો હતો. ત્રીજી ઘટનામાં પાર્સલના વાહન સાથે ડીલીવરી માટે નીકળેલા આધેડનું રેલનગરમાં હૃદય બેસી જતાં મોત થયું હતું. ચોથા બનાવમાં બેભાન હાલતમાં યુવાનનું અને પાંચમા બનાવમાં બેભાન હાલતમાં મહિલાનું મૃત્યુ થયું હતું. છઠ્ઠા બનાવમાં શ્વાસ ચડ્યા બાદ છ વર્ષની બાળકીનું મોત થયું હતું.

પ્રથમ કરૂણ ઘટના જોઇએ તો જુનાગઢના વિસાવદર તાબેના બરડીયા ગીર ગામે વાડીમાં રહી મજુરી કરતાં મધ્યપ્રદેશના દંપતિના ૧૧ વર્ષના પુત્રનું ખેતરમાં રમતી વખતે દોડાદોડી કરતો હતો ત્યારે દોટ મુકી ચાલુ ટ્રેકટર તરફ ભાગતાં વ્હીલ નીચે આવી જતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. બરડીયા ગીર ગામે કમલેશભાઇ કોટડીયાની વાડીમાં રહી મજૂરી કરતાં મધ્યપ્રદેશના કેરીયાભાઇ તોમરનો દોઢ વર્ષનો દિકરો આયુષ બપોરે બે વાગ્યે વાડીએ રમતો હતો ત્યારે ટ્રેકટરની ઠોકરે આવી જતાં અને વ્હીલ માથે ફરી જતાં બેભાન થઇ ગયો હતો.

તેને જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દેતાં મજૂર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બનાવની જાણ રાજકોટ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં વિસાવદર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર આયુષ બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. વાડીમાં ઓપનરમાંથી મગફળીનું ભર ભરી ટ્રેકટર ચાલક ટ્રેકટર આગળ લેતાં હતાં તે વખતે જ આયુષ રમતો રમતો દોટ મુકી ટ્રેકટર તરફ ભાગીને આવતાં ઠોકરે આવી ગયો હતો અને વ્હીલ ફરી ગયું હતું. જેના કારણે તેનું મોત થયું હતું.

બીજા જીવલેણ અકસ્માતની ઘટના જોઇએ તો મોરબીમાં બોલેરો અને બાઇકની ટક્કરમાં વીસ વર્ષના યુવાનને ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. મોરબીમાં વાઘપરામાં શેરી નં. ૧૨માં રહેતો વીસ વર્ષિય અંકિતભાઇ પ્રવિણભાઇ ડાભી નામનો યુવાન સાંજે બાઇક હંકારીને જતો હતો



ત્યારે સરદારબાગ મોરબીમાં બોલેરોના ચાલકે અચાનક બ્રેક મારતાં તેની પાછળ બાઇક અથડાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી.

તેને મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ આજે સવારે મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. વધુ માહિતી મુજબ મૃત્યુ પામનાર અંકિત ડાભી ઘરે લોન્ડ્રીનું કામ કરતો હતો. સાંજે ગ્રાહકોના કપડા ઇસ્ત્રી માટે લેવા દેવા બાઇક લઇને નીકળ્યો ત્યારે અકસ્માત સર્જાયો હતો. તે બે ભાઇ અને બે બહેનમાં નાનો તથા અપરિણીત હતો. યુવાન અને આધારસ્તંભ દિકરાના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

ત્રીજી ઘટના જોઇએ તો કોઠારીયા રોડ ખોખડદળ પૂલ પાસે વેલનાથ સોસાયટીમાં રહેતાં છેતાલીસ વર્ષના મફાભાઇ બાવલભાઇ વાઘોડીયા નામના આધેડ ગઇકાલે રેલનગરમાં સ્કૂલ પાસે પાર્સલ ડિલીવરીના વાહનમાં હતાં ત્યારે તબિયત બગડતાં બેભાન જેવા થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતુ. હૃદય રોગનો હુમલો આવી ગયાનું ખુલ્યું હતું. તેઓ એક બહેનથી મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવમાં એક બનાવમાં પેડક રોડ પર વાલ્મિકી આવાસ ક્વાર્ટરમાં રહેતાં સતાવન વર્ષના શારદાબેન વિનોદભાઇ બાબરીયા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમા શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃતક બિમાર રહેતાં હોવાનું જણાવાયું હતું. પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યુ.હતું.

પાંચમા બનાવમાં ચોટીલાના ચામુંડાનગરમાં રહેતાં ચાલીસ વર્ષના જગદીશભાઇ હરજીભાઇ મકવાણા ઘરે હતાં ત્યારે તબીયત બગડતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. બિમારી સબબ અહિ સારવાર ચાલુ હતી ત્યારે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસે પ્રાથમિક કાર્યવાહી કરી ચોટીલા પોલીસને જાણ કરી હતી.

જ્યારે છઠ્ઠા બનાવમાં ૮૦ ફૂટ રોડ પર ખોડીયારપરામાં રહેતાં રવિન્દ્રભાઇ પાલની ૬ વર્ષની દિકરી પુત્રી રાધિકા સાંજે ઘરે હતી ત્યારે શ્વાસ લેવામાં તકલીફ થવા માંડતાં સારવાર માટે કે. ટી. ચિલ્ડ્રન હોસ્પિટલમાં ખસેડાતાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રાધિકા એક ભાઇથી મોટી હતી. તે શાળાએથી ઘરે આવ્યા બાદ તબીયત બગડી હતી. સારવાર માટે ખસેડાઇ હતી. પરંતુ મૃત્યુ થયું હતું. તેને શ્વાસની બિમારી હોવાનું ખુલ્યું હતું. પિતા રવિન્દ્રભાઇ મુળ બિહારના વતની છે અને કારખાનામાં મજૂરી કરે છે. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આમ છ પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા હતાં. જેમાં બે તો બાળક હતાં.

બહેને જેની સાથે કોર્ટમેરેજ કર્યા બાદ પરેશાની થતાં તેના વિરૂધ્ધ અરજી કરી હોઇ તેનો ખાર રખાયો

યુવાનના બે વાહન સળગાવ્યા

દેવનગરના શખ્સ વિરૂધ્ધ યુવતિના ભાઇની માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં એફઆઇઆરઃ આરોપીને ઝડપી લેવા કાર્યવાહી

રાજકોટ તા. ૧૦

કોર્ટમેરેજના ડખ્ખાને કારણે નાના મવા વિસ્તારના દેવનગરમાં રહેતાં શખ્સે આ વિસ્તારના જ શ્યામનગરમાં રહેતાં યુવાનના ઘર બહાર રાખેલા બે વાહનોને આગ લગાડી દેતાં પોલીસે કાર્યવાહી કરી હતી. આગ લગાડનારે જેના વાહનો છે એ યુવાનના બહેન સાથે અગાઉ કોર્ટમેરેજ કર્યા હતાં. પણ હવે તેણીને આ શખ્સ તરફથી પરેશાની હોઇ તેના વિરૂધ્ધ અરજી કરી દીધી હોઇ તેનો ખાર રાખીને તેણે આ વાહનો સળગાવ્યાનું ખુલ્યું હતું.

વિગતો પર નરજ કરીએ તો નાના મવા રોડ રાજનગર ચોક પાસે શ્યામનગરમાં રહેતાં યુવાનના ઘર બહાર પાર્ક કરાયેલા બે ટુવ્હીલર નજીકના દેવનગરમાં રહેતો શખ્સ રાત્રીના સમયે કોઇ જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગાવી જતાં વાહનોમાં નુકસાની થઇ છે. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. યુવાનના નાના બહેને વાહનો સળગાવનાર શખ્સ સાથે કોર્ટમેરેજ કર્યા હતાં. પણ હવે વાંધો ચાલતો હોઇ તેણીએ આ શખ્સ વિરૂધ્ધ અરજી કરી હોઇ ખાર રાખી તેણે આ ગુનાને અંજામ આપ્યો હતો. માલવીયાનગર પોલીસે નાના મવા રોડ રાજનગર ચોક પાસે હનુમાનજીના મંદિર નજીક શ્યામનગર-૨/૪ના ખુણે રહેતાં કારડીયા રાજપૂત પ્રશાંતભાઇ હસમુખભાઇ સોલંકી નામના



અઠ્ઠાવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી નાના મવા રોડ દેવનગર-૩ ચંદ્રેશનગર રોડ પર રહેતાં પારસ ભવાનભાઇ પરમાર નામના શખ્સ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

વધુ માહિતી અનુસાર પ્રશાંતભાઇ પરિવારમાં દાદી લીલાબેન, માતા મંજુલાબેન અને પિતા સાથે રહે છે. તેના પિતા રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. તેના મોટા બહેન જામનગર સાસરે છે. પ્રશાંતભાઇ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે મારી નાની બહેન હેમાંશી જે બાવીસ વર્ષની છે તેણી જ્યારે સ્કૂલમાં ભણતી ત્યારેથી પારસ પરમાર પણ સાથે ભણતો હોઇ બંને એક બીજાને ઓળખે છે. મારી પાસે જ્યુપીટર ટુવ્હીલર જીજે૦૩એલપી-૫૭૩૩ છે. તેમજ મારા મોટા બહેનના નામે અન્ય ટુવ્હીલર જીજે૦૩એલડી-૩૨૨૪ છે, જે મારી નાની બહેન ચલાવે છે. તા. ૭/૧૦ના રાતે મેં આ બંને વાહનો મારા ઘર બહાર પાર્ક કર્યા હતાં.આ પછી રાતે એકાદ વાગ્યે મારા પિતા માર્કેટ યાર્ડ ખાતે ફેરો કરવા ગયા હતાં ત્યારે આ બંને વાહનો વ્યવસ્થિત પાર્ક કરેલા હતાં.

એ પછી વહેલી સવારે અઢી વાગ્યા અસપાસ પાસ પરમાર મારા આ વાહનોને આગ લગાડી ભાગી ગયો હતો. જેની જાણ મને પાડોશી પરષોત્તમભાઇએ ડેલી ખખડાવીને કરી હતી. અવાજ થતાં મારા દાદીમા પણ જાગી ગયા હતાં. બાદમાં બીજા સદભ્યો પણ જાગી ગયા હતાં અને અમે આગ બુઝાવી નાંખી હતી. શેરીના રહેવાસીઓએ પણ પાણીનો મારો ચલાવ્યો હતો. જો કે આગથી બંને વાહનોમાં મળી રૂપિયા પિસ્તાલીસ હજારનું નુકસાન થયું હતું. આ માથાકુટનું કારણ એ છે કે મારી નાની બહેને અગાઉ પારસ પરમાર સાથે કોર્ટ મેરેજ કર્યા હતાં.

પણ તેણીને હવે પારસ સાથે તકલીફ હોવાથી પારસ વિરૂધ્ધ અરજી કરી હતી. આ બાબતનો ખાર રાખી પારસે અમારા ઘર બહાર પાર્ક કરેલા મારા બે વાહનો સળગાવી દીધા હતાં. તેમ વધુમાં પ્રશાંતભાઇએ કહેતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં હેડકોન્સ. આર. ટી. વાસદેવાણીએ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આ બનાવે ભારે ચર્ચા જગાવી દીધી હતી. પોલીસ હવે આરોપીને શોધી રહી છે.

વાસણોના નામે ૨૭૧૧ લાખનો ચૂનો

નિવૃત ચીફ એકાઉન્ટન્ટને વેપારી પિતા-પુત્રએ મીઠી વાતોમાં ફસાવી વાસણો બનાવી દેવાના નામે રોકડ, દાગીના ઉસેડી લીધા

રાજકોટ તા. ૧૦

ઠગાઇના કિસ્સાઓમાં ગઠીયાઓ ઓનલાઇન પણ છેતરે અને રૂબરૂ આવીને પણ છેતરી જાય છે. વધુ આવી એક ઠગાઇ બની હતી. જેમાં એક વૃધ્ધને ચાંદીના વાસણો બનાવી આપવાના નામે સત્વાયીસ લાખ અડસઠ હજારનો ચૂનો લગાવી દેવાયો હતો. આ મામલે વૃધ્ધે ઠગાઇ કરનારા પિતા-પુત્ર વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાવી હતી. આ વૃધ્ધ અગાઉ હાઇકોર્ટમાં ચીફ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવી ચુક્યા છે.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના સરદારનગરમાં ચાંદીના વાસણો બનાવી આપવાના બહાને એકોતેર વર્ષીય નિવૃત્ત અધિકારી પાસેથી ચાંદી, સોનાના દાગીના અને રોકડ સહિત કુલ ૨૭.૬૮ લાખની મત્તા પડાવી લેવાનો કિસ્સો સામે આવ્યો હતો. આ મામલે છાવણી પાર્ક બંગ્લોઝમાં રહેતા પરષોતમભાઇ પોમલે ક્રાઇમ બ્રાંચમાં ઉમેશ ચેલાણી અને તેના પિતા નારાયણદાસ ચેલાણી સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી રાજસ્થાન હાઇકોર્ટમાં ચીફ એકાઉન્ટન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલા છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ સરદારનગર સર્કલ પાસે આવેલી કોમલ જ્વેલર્સમાં ચાંદી ખરીદવા ગયેલા નિવૃત્ત અધિકારી પરષોતમભાઇને જ્વેલર્સ પિતા-પુત્ર ઉમેશ અને નારાયણદાસે પોતાની મીઠી વાતોમાં ભોળવી વિશ્વાસમાં લીધા હતા.



ત્યારબાદ પિતા-પુત્રએ પોતાની પાસે રહેલી ચાંદીમાંથી વાસણો બનાવી આપવાની અને વધુ ફાયદો કરાવી આપવાની લાલચ આપી પરષોતમભાઇ પાસેથી અઢી કિલો ચાંદીના બુકિંગ પેટે ૫.૬૨ લાખ મેળવ્યા હતા. જ્વેલર્સ પિતા-પુત્રએ વધુમાં ૭.૫ કિલો ચાંદી, ૩.૨૦ લાખની કિંમતના સોનાના દાગીના અને ૨.૩૬ લાખની રોકડ રકમ પણ અલગ-અલગ બહાના હેઠળ મેળવી લીધી હતી. ચાંદીની કિંમત ૧૬.૫૦ લાખ, બુકિંગ પેટે ૫.૬૨ લાખ, સોનાના દાગીના અને રોકડ સહિત કુલ ૨૭.૬૮ લાખની મત્તા મેળવ્યા બાદ પણ પિતા-પુત્રએ દાગીના કે રકમ પરત આપ્યા ન હતા.ત્યારબાદ તેમને પોતાની સાથે છેતરપિંડી થયાનો અહેસાસ થતાં પરષોતમભાઇ પોમલે અમદાવાદ ક્રાઇમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પિતા-પુત્ર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

અન્ય એ કબનવામાં અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં સવારે ચાલવા નીકળેલા એકસઠ વર્ષીય વૃદ્ધને નિશાન બનાવી અછોડા તોડનારા શખ્સો ગળામાંથી સોનાની ચેઇન આંચકીને ફરાર થઈ જવાની ઘટના -કાશમાં આવી છે. સવારના સમયે ચાલવા નીકળેલા વૃદ્ધ સંજય થરડે પર અચાનક બાઈક પર આવેલા લૂંટારૂઓએ ત્રાટકીને લૂંટ ચલાવી હતી. ઘટના અંગે સંજય થરડે ચાંદખેડા પોલીસ સ્ટેશન પહોંચી અજાણ્યા બાઈકસવાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ચાંદખેડા વિસ્તારના રહીશ સંજય થરડે વહેલી સવારે રોડ પર ચાલવા માટે નીકળ્યા હતા ત્યારે અગાઉથી રેકી કરી રહેલા બાઈકસવાર શખ્સોએ તક જોઈને તેમની નજીક આવી ગળામાંથી સોનાની ચેઈન ખેંચી લીધી હતી.

આ રીતે અચાનક બનેલી આ ઘટનાથી વૃદ્ધ ગભરાઈ ગયા હતા, જ્યારે સોનાની ચેઈન આંચકી લીધા બાદ બાઈક ચાલક શખ્સો પૂરઝડપે સ્થળ પરથી ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. લૂંટની આ ઘટના બન્યા બાદ સંજય થરડે તુરંત ચાંદખેડા પોલીસ મથકે પહોંચ્યા હતા અને અછોડા તોડનારા અજાણ્યા શખ્સો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસી આરોપીઓનો હુલિયો અને તેમના નાસી છૂટવાના માર્ગ અંગે વિગતો મેળવવાની કવાયત હાથ ધરી હતી.

પૈસાની લેતીદેતીમાં વધુ એક બબાલઃ ઉછીના લેનારે ઉઘરાણી થતાં ધમાલ મચાવી દીધી

દંપતિ-દિકરીઓ સહિત પાંચ પર હુમલો

રાજકોટના લાપાસરીનો બનાવઃ પોતાના અડધો લાખની ઉઘરાણી કરનારા યુવાનને મારકુટ થયા બાદ તેના પત્નિ, દિકરીઓને માર માર્યોઃ આટલુ ઓછુ હોય તેમ ઘરે જઇ છરીથી ધમાલ મચાવીઃ જેમાં યુવાનના નાના ભાઇના પત્નિ પણ ઘાયલ થયા : મારામારીની બીજી ઘટનામાં દૂકાન મામલે વૃધ્ધ પર પાવડાના હાથાથી થયો હુમલો

રાજકોટ, તા. ૧૦

પૈસા મામાલે બાકાઝીકીના બનાવો અવાર-નવાર બનતા હોય છે. ઘણા એવા લોકો હોય છે જે પોતાને જરૂર પડે ત્યારે બીજા પાસેથી ઉછી ઉધારના નાણા લઇ લેતાં હોય છે. બાદમાં આ રૂપિયાની ઉઘરાણી થાય ત્યારે મારામારી પર ઉતરી આવતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટ નજીકના લાપાસરી ગામે બની હતી. જેમાં એક યુવાને પોતાના કુટુંબીને એક વર્ષ પહેલા અડધો લાખ દીધા હતાં. હવે આ રકમ તેણે પરત માંગી ત્યારે તેને માર મળ્યો હતો. તેના પત્નિ, દિકરીઓને પણ માર મારવામાં આવ્યો હતો. એ પછી પણ હુમલાખોરે ઘરે આવીને ફરી ડખ્ખો કર્યો હતો. આ વખતે યુવાનના નાના ભાઇના પત્નિ વચ્ચે પડતાં તેને છરીથી ઇજા પહોંચાડાઇ હતી.

વિગતો પર નજર કરીએ તો લાપાસરીમાં રરહેતાં યુવાને એક વર્ષ પહેલા ગામમાં જ રહેતાં કુટુંબીને ઉછીના આપેલા પચાસ હજારની રસ્તામાં ઉઘરાણી કરતાં આ શખ્સે ઢીકાપાટુનો માર મારી લીધો હતો. ઝપાઝપીમાં તેનો ચેઇન પણ ખોવાઇ ગયો હતો. આ પછી યુવાનના પત્નિ, દિકરીઓને લઇ મારકુટ કરનારના ઘરે જાણ કરવા જતાં મા-દિકરીઓને પણ તેણે માર માર્યો હતો. આ પછી આ શખ્સે તેના ઘરે જઇ ધમાલ મચાવી હતી. જેમાં મહિલાના દેરાણી વચ્ચે પડતાં તેને છરીથી ઇજા પહોંચાડી હતી અને માથે જતાં મારી નાખવાની ધમકી પણ આપી હતી. આજીડેમ પોલીસે લાપસરી ગામે પ્રાથમિક શાળા પાછળ માન પ્રોવિઝન સ્ટોર પાસે રહેતાં બેતાલીસ વર્ષીય ગુર્જર રાજપૂત નિતાબેન વિજયસિંહ ભાટીની ફરિયાદ પરથી કુટુંબી સગા લાપાસરીના જ જયદિપસિંહ ધીરૂભા ભાટી વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વધુ વિગત મુજબ નિતાબેન પરિવારમાં પતિ, સાસુ, બે દિકરી, એક દિકરા સાથે રહે છે. ફરિયાદમાં જણાવાયુ છે કે સાંજે ચારેક વાગ્યે નિતાબેનના પતિ વિજયસિંહ લાપાસરી ગામથી રાજકોટ જઈ રહ્યા હતા ત્યારે લાપાસરી ગામના રોડ પર તેમના કુટુંબના જયદિપસિંહ ભાટીએ તેમને ભા રાખી બોલાચાલી કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન જયદિપસિંહનો સોનાનો ચેઇન પડી ગયો હતો, જેની જાણ તેણે ઘરે આવીને કરી હતી. આ પછી સાંજના છએક વાગ્યે નિતાબેન



અને તેમની બંને દિકરીઓ નેહા તથા પ્રિયંકાને લઇ જયદિપસિંહના ઘરે સોનાના ચેઇન બાબતે વાત કરવા ગયા ત્યારે જયદિપસિંહે તેમની સાથે પણ ઝઘડો કર્યો હતો.

જયદિપસિંહે ઉશ્કેરાઇને નિતાબેન અને તેમની દીકરીઓને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. માણસો ભેગા થઇ જતાં વધુ મારથી નીતાબેનને છોડાવ્યા હતાં. બાદમાં સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ જયદિપસિંહ નિતાબેનના ઘર પાસે આવેલી તેમની દુકાને આવ્યો હતો અને વિજયસિંહ સાથે ફરીથી બોલાચાલી કરી ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો. આ હુમલાથી બચાવવા માટે નિતાબેનના દેરાણી કાજલબેન વચ્ચે પડતા જયદિપસિંહે કાઢી મારેલા છરીના ઘાના કારણે કાજલબેનના ડાબા હાથના ભાગે ઇજા પહોંચી હતી.

આસપાસના લોકો ભેગા થઈ જતા આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો અને જતા જતા વિજયસિંહને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ માથાકુટનું કારણ એ છે કે નીતાબેનના પતિ વિજયસિંહ ભાટીએ એક વર્ષ પહેલા આરોપી જયદિપસિંહ વીરૂભા ભાટી ને રૂા. ૫૦ હજાર હાથ ઉછીના આપ્યા હતાં. આ રકમ વિજયસિંહ અવાર-નવાર પરત માંગતા હતાં પણ જયદિપસિંહ આપતા ન હોઇ ગઇકાલે તે રસ્તામાં મળી જતાં વિજયસિંહે પોતાના પૈસાની ઉઘરાણી કરતાં તેણે મારામારી કરી હતી. બાદમાં પોતાના ઘરે આવેલા નીતાબેન અને તેમની દિકરીઓને મારકુટ કરી એ પછી નીતાબેનના ઘરે માથાકુટ કરવા જઇ ફરી મારામારી કરી હતી. જેમાં નીતાબેનના દેરાણીને પણ છરીથી ઇજા પહોંચાડી હતી. આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં હેડકોન્સ. એ. એચ. ગોહિલે એફઆઇઆર દાખલ કરી હતી.

મારામારીની બીજી એક ઘટના જોઇએ તો તેમાં પણ મિલ્કત મામલે ધમાલ મચી હતી. જેતપુરના દેવકીગાલોલ ગામે રહેતાં અને ટાયર પંચરની દુકાન ચલાવતાં ઓગણસાંઇઠ વર્ષના રવજીભાઇ ખોડાભાઇ મારૂ નામના વૃધ્ધ પર ગામમાં હતાં ત્યારે સુરેશ નામના શખ્સે આવી ઝઘડો કરી પાવડાના હાથાથી આડેધડ માર મારતાં સારવાર માટે જેતપુર અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. રવજીભાઇ મારૂ એક ભાઇ અને એક બહેનમાં મોટા છે. સંતાનમાં બે દિકરા તથા બે દિકરી છે. પોતે ગામમાં સરકારી ખરાબામાં વર્ષોથી પંચર સાંધવાની દુકાન ચલાવે છે. સગાના કહેવા મુજબ આ દુકાન સુરેશને પડાવીને બીજા કોઇને વેંચવી હોઇ જેથી તે ઘણા સમયથી હેરાન કરે છે. ગઇકાલે પણ આ વાતે ઝઘડો કરી પાવડાના હાથાથી માર માર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જેતપુર તાલુકા પોલીસને જાણ કરતાં પોલીસે ખરેખર કયા કારણે હુમલો થયો? તે જાણવા તપાસ હાથ ધરી હતી.

ગઠીયાગીરી ગામોગામ વધી ગઇ છેઃ લેભાગુઓને સરળતાથી મળી રહ્યા છે શિકાર

કમિશન એજન્ટે દંપતિના અડધો કરોડ લઈ છૂ

ડમી કંપનીઉભી કરી ગ્રાહકોના નાણા એજન્ટે પોતાના ખાતામાં લઇ લીધાઃ બીજી તરફ ક્રિપ્ટોમાં રોકાણ પર દોઢ ટકા વળતરની લાલચ દઇ બાર જણાની ટોળકીએ ઉસેડી લીધા દોઢ કરોડ

રાજકોટ, તા. ૧૦

અલગ અલગ રીતે છેતરપીંડી કરનારાઓને શિકાર પણ મળી રહે છે. એક કિસ્સામાં દંપતિ સાથે કમિશન એજન્ટ કારીગીરી કરી ગયો હતો અને તેમની પાસેથી અડધા કરોડ જેવી રકમ ઉસેડી ગયો હતો. ડમી કંપની ઉભી કરી કસ્ટમર્સ પાસેથી પેમેન્ટ મેળવી પોતાના ખાતામાં આ એજન્ટે લઇ લીધુ હતું. જેની પાછળથી દંપતિને જાણ થતાં પોલીસ ફરિયાદ કરી હતી.

વિગતો જોઇએ તો અમદાવાદના ગોતામાં હિમાલયા ગ્રેનાઈટ નામથી માર્બલનો બિઝનેસ કરતા દંપતી સાથે તેમના જ કમિશન એજન્ટે ૪૭.૨૮,૫૯૬લાખની છેતરપિંડી કરી હોવાની પોલીસમાં ફરિયાદ દાખલ થઇ હતી. દંપતી પરિવારમાં અવસાન થતાં કામમાં વ્યસ્ત હતા તેનો લાભ લઈને આરોપીએ ઉદ્યમ સર્ટિફિકેટના આધારે ફરિયાદીની કંપનીના નામ સાથે મળતી આવતી એક બનાવટી કંપની ઉભી કરીને પોતે કંપનીનો ભાગીદાર હોવાની ખોટી ઓળખ આપીને પેમેન્ટના બાકી રૂપિયા ૪૭,૨૮,૫૯૬ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

પોલીસ સુત્રોએ કહ્યું કે જગતપુરમાં રહેતા મેઘા રાવલ પતિ સાથે ગોતામાં હિમાલયા ગ્રેનાઈટ નામથી માર્બલ અને સ્ટોનનો બિઝનેસ કરે છે. જાન્યુઆરી ૨૦૨૫માં તેઓ જય કાર્તિકભાઈ રાવલને મળ્યા હતા. તેણે કમિશનના બદલામાં ડી. એન. એમ ઈન્ટીરીયર કંપની તરફથી ટાઈલ્સ અને ગ્રેનાઈટના ઓર્ડર અપાવવાની વાત કરી હતી. જે બાદ મેઘાબેનની કંપનીએ ડી.એન.એમ ઈન્ટીરીયરને માલ સપ્લાય કર્યો હતો અને શરૂઆતમાં જય રાવલને તેનું કમિશન પણ આપ્યું હતું. બાદમાં મેઘાબેનના સાસુનું અવસાન થતા તેઓ મરણવિધિમાં વ્યસ્ત થઈ ગયા હતા. બાદમાં કંપનીના હિસાબો ચેક કરતા જાણવા મળ્યું કે, ડી.એન.એમ ઈન્ટીરીયર તરફથી હજુ પણ મોટું પેમેન્ટ બાકી છે.

જે બાદ રાહુલભાઈએ ડી.એન.એમના માલિક ધર્મેશભાઈને ફોન કરી ઉઘરાણી કરી ત્યારે જાણવા મળ્યું કે તેઓએ ૪૭,૨૮,૫૯૬ રૂપિયાનું પેમેન્ટ કરી દીધું છે. ધર્મેશભાઈએ જણાવ્યું કે, જય રાવલે પોતાને હિમાલયા કંપનીનો ભાગીદાર હોવાનું કહીને એક નવો એકાઉન્ટ નંબર આપ્યો હતો. જેમાં આ રૂપિયા જમા કરાવ્યા છે. રાહુલભાઈએ ધર્મેશભાઈને સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, જય રાવલ તેમની કંપનીનો ભાગીદાર નથી પણ કમિશન એજન્ટ છે. બાદમાં વોટ્સએપ મેસેજ અને બેંકની ડિટેલ ચેક કરતા સામે આવ્યું કે, આરોપી જય રાવલે જી.એસ.ટી. સર્ટિફિકેટ



વગર માત્ર ઉદ્યમ સર્ટિફિકેટના આધારે ફરિયાદીની કંપનીના નામથી મળતી આવતી એક બનાવટી કંપની ઉભી કરી હતી.

આ રીતે બનાવટી કંપનીના નામે તેણે આઈ.ડી.બી.આઈ બેંકની ગોતા બ્રાન્ચમાં કરંટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. જય રાવલે ડી.એન.એમ ઈન્ટીરીયરને પોતે ભાગીદાર હોવાની ખોટી ઓળખ આપીને ફરિયાદીની કંપનીના બાકી નીકળતા કુલ ૪૭,૨૮,૫૯૬ રૂપિયા પોતાના આ નવા ખોલાવેલા બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. મેઘાબેને જય રાવલ વિરુદ્ધ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ હતી.

બીજી તરફ અમદાવાદ શહેરમાં ક્રિપ્ટોકરન્સીમાં ચા વળતરની લાલચ આપીને લોકો સાથે છેતરપિંડી કરવાનું વધુ એક મોટું કૌભાંડ સામે આવ્યું હતું બ્લોક ઓરા નામની કંપની ભી કરીને રોકાણકારોને રોજના ૧.૫ ટકા વળતર આપવાની લાલચ આપી ચાર વેપારીઓ પાસેથી કુલ ૧.૪૬ કરોડ પડાવી લેવામાં આવ્યા છે. અંકલેશ્વર, લીંબડી, બોટાદ અને રાજકોટના ૧૨ શખ્સોએ અલગ-અલગ જગ્યાએ મિટિંગો યોજીને વેપારીઓને વિશ્વાસમાં લીધા હતા અને ત્યારબાદ છેતરપિંડી આચરી હતી.

આ મામલે વેપારીએ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ૧૨ લોકો સામે ગુનો નોંધીને ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. વસ્ત્રાલ રીંગ રોડ પર સ્વામિનારાયણ મંદિર પાસે રહેતા અને પ્રિન્ટિંગ ટ્રેડિંગનો વ્યવસાય કરતા ભરતભાઈ કરશનભાઈ મોટકાનો તેમના ગામના અમિત મુલતાની અને અંકલેશ્વરના અઝરૂદ્દીન મુલતાની સાથે સંપર્ક થયો હતો. આ આરોપીઓએ પોતે બ્લોક ઓરા નામની ક્રિપ્ટોકરન્સી કંપનીમાં કામ કરતા હોવાનું જણાવી ભરતભાઈને રોજના ૧.૫ ટકા વળતરની આકર્ષક સ્કીમ સમજાવી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ તેમને લોનાવાલા ખાતે યોજાયેલી મીટિંગમાં બોલાવીને કંપનીના મુખ્ય સંચાલક ફિરોઝ મુલતાની અને નીતિન જગત્યાની સાથે મુલાકાત કરાવી હતી. વિશ્વાસ કેળવ્યા બાદ આરોપીઓએ ભરતભાઈ મોટકા તથા તેમના મિત્રો ભાર્ગવકુમાર પટેલ, નિલેશભાઈ સરાવાડીયા અને સમીરભાઈ મર્ચન્ટને વસ્ત્રાલ રીંગ રોડ પર આવેલી સરગમ હોટેલ ખાતે બોલાવીને રોકડા નાણાં મેળવ્યા હતા.

આરોપીઓએ ફરિયાદી ભરતભાઈ પાસેથી ૫૬.૭૩ લાખ, નિલેશભાઈ પાસેથી ૫૫.૦૩ લાખ, સમીરભાઈ પાસેથી ૨૪.૮૬ લાખ અને ભાર્ગવકુમાર પાસેથી ૯.૯૮ લાખ મળીને કુલ ૧.૪૬ કરોડ મેળવ્યા હતા અને તેની સામે અલગ-અલગ આઈડી જનરેટ કરી આપી હતી. આ પૈકી કેટલાક પૈસા ઓઢવ ખાતેથી આંગડિયા મારફતે સુરત પણ મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. રોકાણકારોને વધુ ભોળવવા માટે અને નવું ફંડ લાવવા આરોપીઓ તેમને સિંગાપોર પણ લઈ ગયા હતા. ત્યાં નીતિન જગત્યાની અને ફરદીને વધુ ડિપોઝિટ લાવવા માટે કમિશન આપવાની લાલચ આપી હતી.

થોડા સમય બાદ જ્યારે ફરિયાદીઓએ પોતાના એકાઉન્ટમાંથી રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે કંપનીએ સિસસ્ટમ અપડેટના બહાને વિડ્રોઅલ બંધ કરી દીધું હતું. રોકાણકારોને શાંત રાખવા માટે સાસણ ખાતે મીટિંગ યોજીને ટોકનના ભાવ વધવાની લાલચ પણ આપવામાં આવી હતી. જોકે, લાંબા સમય સુધી ના તો મૂડી પરત મળી કે ના તો વળતર, ત્યારે છેવટે ભોગ બનનાર વેપારીઓને છેતરપિંડીનો અહેસાસ થતાં રામોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

વિશ્વાસે કામ આપ્યું પણ વિશ્વાસઘાત થયો મહિલાએ ૧.૨૦ લાખનો ચૂનો લગાવ્યો

ઇમિટેશન માલના બોક્સ પેક કરવા લઇ ગયા પછી પાછા જ ન દીધાઃ બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી

રાજકોટ તા. ૧૦

છેતરપીંડીની વધુ એક ફરિયાદ પોલીસ ચોપડે ચડી હતી. આ વખતે એક મહિલાનું આરોપીમાં નામ લખાયું હતું. વિગતો જોઇએ તો શહેરમાં ઈમીટેશન જ્વેલરીના વેપાર સાથે સંકળાયેલા કારખાનેદાર સાથે વિશ્વાસઘાત અને વિશ્વાસભંગનો કિસ્સો -કાશમાં આવ્યો છે. પેકિંગ કામ માટે આપવામાં આવેલ ઈમીટેશનના કાચા માલમાંથી રૂ. ૧,૨૦,૦૦૦ ની કિંમતના ૨૫૦ બોક્સ પરત ન આપી, ઉધરાણી કરવા છતાં સંતોષકારક જવાબ ન આપી બદદાનતથી દુરૂપયોગ કરવા બદલ મહિલા વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે પેડક રોડ નારાયણનગર-૫માં બાલક હનુમાન મંદિર પાસે રહેતાં અને ઈમિટેશનનો વેપાર કરતાં વિપુલભાઇ રમેશભાઇ દસાડીયા (ઉ.વ.૩૯)ની ફરિયાદ પરથી ખોડલધામ-૩માં રહેતાં અસ્મિતાબેન ભગાભાઈ બાવળીયા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. વધુ માહિતી અનુસાર વિપુલભાઇ છેલ્લા સાતેક વર્ષથી નારાયણનગર શેરી નં.૧માં પટેલ મેન્યુફેક્ચરીંગ નામે ઈમીટેશનનું કારખાનું ચલાવે છે. તેઓ ઈમીટેશનના દાગીના બનાવી, પેકિંગ કરાવી હોલસેલમાં વેચાણ કરે છે અને પેકિંગનું કામ કારીગરોને કમિશન ધોરણે આપે છે. ત્રણેક માસથી ખોડલધામ-૦૩ કોઠારીયા ગામ ખાતે રહેતાં અસ્મિતાબેન ભગાભાઈ બાવળીયા નામના મહિલા તેમની પાસેથી ઈમીટેશનનો માલ ઘરે પેકિંગ કરવા માટે લઈ જતા હતા. ગત જુન મહિનામાં અસ્મિતાબેને વિપુલભાઈના કારખાને આવીને પોતે ઈમીટેશનના કાચા માલનું પેકિંગ કામ કરતા હોવાનું જણાવી કામ માંગ્યું હતું.

આથી, વિપુલભાઈએ એક બોક્સ પેક કરવાના રૂ. ૩ મજુરી લેખે નક્કી કરી જુલાઇ મહિનામાં અસ્મિતાબેનને ૫૨૦૯ બોક્સ કાચો માલ પેકિંગ માટે આપ્યો હતો. તે સમયે અસ્મિતાબેને સમયસર માલ પેક કરીને પરત આપી દેતાં વિપુલભાઈએ તેમને મજુરીના રૂ. ૧૫,૦૮૭ ચુકવી આપ્યા હતા. ત્યારબાદ વિશ્વાસ બેસી જતાં ઓગષ્ટ મહિનાની ૧ તારીખથી ૩૧ તારીખ સુધીમાં વિપુલભાઈએ પોતાની દુકાનેથી અસ્મિતાબેનને જુદા જુદા ૬૭ આર્ટીકલ ઘરાવતો કુલ ૪૦૩૨ બોક્સ ઈમીટેશનનો કાચો માલ પેકિંગ કરવા માટે આપ્યો હતો. જેમાંથી અસ્મિતાબેને માત્ર ૩૭૮૨ બોક્સ જ તૈયાર કરીને પરત આપ્યા હતા અને બાકીના ૨૫૦ બોક્સ જેની અંદાજિત કિંમત રૂ. ૧,૨૦,૦૦૦ છે તે જમા કરાવ્યા ન હતા. આ ૨૫૦ બોક્સ અંગે વિપુલભાઈએ વારંવાર અસ્મિતાબેન પાસે ઉધરાણી કરવા છતાં તેમણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો અને માલ પરત કર્યો ન હતો. અંતે પોલીસને જાણ કરી હતી. બી-ડિવીઝન પીએસઆઇ શેખ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

ઠગાઇની જાળ એટલી વિશાળ છે કે રોજેરોજ ફસાઇ જાય છે તેમાં શિકાર

ક્રેડીટ કાર્ડના નામે વૃધ્ધ સાથે ઠગાઈ

બીજી તરફ નકલી ચલણી નોટોના બંડલ બતાવી મુસાફરો સાથે ઠગાઇઃ બે ગઠીયા ઝડપાઇ ગયા

રાજકોટ તા. ૧૦

સાયબર ગઠીયાઓની જાળ એવી વિશાળ છે કે તેમાં રોજબરોજ કોઇને કોઇ શિકાર ફસાઇ જાય છે. હજારોથી માંડી લાખો સુધી અને ક્યારેક કરોડ ઉપરની રકમો પણ સાયબર ગઠીયાઓ આબાદ ઉસેડી રહ્યા છે. જીણી મોટી ઠગાઇના વધુ નવા કિસ્સા સામે આવ્યા છે. જેમાં ક્રેડીટ કાર્ડની લિમીટ વધારી આપવાના નામે એક વૃધ્ધ સાથે ઠગાઇ થઇ હતી. બીજી ઘટનામાં ઓનલાઇન ગેમીંગના રવાડે ચડેલા ગઠીયાઓ નકલી બનાવવટી નોટો બતાવી ઠગાઇ કરતાં હતાં. રેલ્વે સ્ટેશનેથી આ ગઠીયાઓને દબોચી લેવાયા હતાં. જે મુસાફરો સાથે ઠગાઇ કરતાં હતાં.



પ્રથમ ફોડની વિગતો જોઇએ તો વડોદરામાં અલકાપુરીના વૃદ્ધને ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાની લાલચ આપી સાયબર ઠગે એપીકે ફાઇલ મોકલી મોબાઈલ હેક કરી રૂ.૭૫,૬૧૯ ઉપાડી લીધા હતા. શ્રી કુંજ લેટ્સમાં રહેતા નરેન્દ્રભાઈ શેઠને ૩૦ સપ્ટેમ્બરે આરબીએલ ક્રેડિટ કાર્ડ લિમિટ ઈન્ક્રિઝ-૧.એપીકે ફાઇલ આવી હતી. ક્લિક કરતા જ ફોન હેક થયો હતો. ઠગે મોબાઈલમાંથી ઓટીપી-મેસેજ અન્ય નંબર પર ફોરવર્ડ કરી આરબીએલ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૨૯,૮૦૨, રૂ.૧૬,૦૧૨ અને રૂ.૨૯,૮૦૫ મળી કુલ રૂ.૭૫,૬૧૯ કાઢી લીધા હતા. ત્યારબાદ વૃદ્ધે બેંક કસ્ટમર કેરમાં સંપર્ક કરી કાર્ડ બ્લોક કરાવી ફોન રિસેટ કર્યો હતો. આ અંગે અકોટા પીઆઇ ડી.વી.બલદાણીયાએ જણાવ્યું કે, પોલીસ વિગતો અને કોલ ડિટેઇલના આધારે તપાસ કરી રહી છે.

ફ્રોડથી બચવા માટે અજાણી લિંક કે ફાઇલ ઓપન ન કરો. વોટ્સએપ, ટેલિગ્રામ કે એસએમએસ પર અજાણ્યા નંબર પરથી આવેલી ફાઇલ ન ખોલો. બેંક આ રીતે લિમિટ વધારતી નથી. ક્રેડિટ કાર્ડ લિમિટ, રિવોર્ડ પોઇન્ટ રિડીમ કરવા કે કેવાયસી અપડેટ કરવા બેંક લિંક મોકલતી નથી. ઓટીપી અને સંવેદનશીલ વિગતો ગુપ્ત રાખો. ઓટીપી, કાર્ડ નંબર, સીવીવી કે પાસવર્ડ અજાણી લિંક કે ફોર્મમાં દાખલ કરવા નહીં. ઠગાઈના કિસ્સામાં તાત્કાલિક પગલાં જો શંકાસ્પદ ફાઇલ ડાઉનલોડ થઈ જાય તો તરત જ ફોનનું ઇન્ટરનેટ બંધ કરી ડિવાઇસ રિસેટ કરો.

બીજી ઘટના જોઇએ તો અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર મુસાફરોને પોતાની લાચારી બતાવી અને બનાવટી ચલણી નોટોના બંડલ બતાવીને નાણાં તેમજ કિંમતી સામાન પડાવી લેતી દિલ્હીની ગઠિયા ટોળકીના બે આરોપીઓને કાલુપુર પોલીસે ઝડપી પાડ્યા હતાં. આરોપીઓ ઓનલાઈન ગેમિંગના રવાડે ચઢી ગયા હોવાથી નાણાંની જરૂરિયાત પૂરી કરવા માટે આવી ઠગાઈ આચરતા હોવાનું સામે આવ્યું છે. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી રોકડ રકમ અને મોબાઈલ ફોન કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મહારાષ્ટ્રના રહેવાસી જય-કાશ તિવારી કારીગર સાથે કામઅર્થે અમદાવાદ આવ્યા હતા. ૭ સપ્ટેમ્બરે કાલુપુર રેલવે સ્ટેશને ટ્રેનની રાહ જોતી વખતે એક અજાણ્યા શખ્સે રાજેશ યાદવ તરીકે ઓળખ આપી શેઠે પગાર ન આપ્યો હોવાની લાચારી દર્શાવી હતી. તેણે પોતાની પાસે રૂ. ૨ લાખ હોવાનું કહી બનાવટી નોટોનું બંડલ બતાવ્યું હતું અને દયા બતાવી ચા પીવડાવવાના બહાને બીજા સાગરીત સાથે મળીને ફરિયાદીનું માથું ભારે કરી સોનાની ચેઈન, મોબાઈલ અને ઓનલાઈન રૂ. ૭૭ હજાર ટ્રાન્સફર કરાવી ફરાર થઈ ગયા હતા.

ત્યારબાદ ભોગ બનનારની ફરિયાદના આધારે કાલુપુર પોલીસે તપાસ હાથ ધરીને દિલ્હીના તનવીર અંસારી અને સંજય શર્મા નામના બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસ તપાસમાં તનવીર પાસેથી બે મોબાઈલ અને રૂ. ૧ લાખ રોકડા તથા સંજય પાસેથી રૂ. ૪,૮૦૦ જમ કરાયા છે. આરોપીઓ અગાઉ દિલ્હીમાં પણ ખિસ્સાકાતરુ તરીકેના ગુનામાં સંડોવાયેલા છે અને ઓનલાઈન ગેમિંગની ટેવ પૂરી કરવા માટે મુસાફરોને વિશ્વાસમાં લઈ બનાવટી નોટો બતાવી ઠગાઈ આચરતા હતા.

રાજ્યભરમાં આ પ્રકારે એક જ રીતે અનેક ફ્રોડ થયા છે છતાં જાગૃતિનો અભાવ

બોસના મેસેજથી એકાઉન્ટન્ટે ગુમાવ્યા ૯૫ લાખ!

ડીપીમાં બોસનો ફોટો હોઇ મેસેજ આવતાં જ રકમ મોકલી દીધીઃ બીજા દિવસે વધુ એક કરોડ છવ્વીસ લાખ મંગાતા ફ્રોડની ખબર પડીઃ બીજી તરફ સાયબર ફ્રોડ માટે બાર હજારમાં એકાઉન્ટ ભાડે આપનાર ગઠીયો પકડાયોઃ દોઢ કરોડના વ્યવહારો મળ્યા

રાજકોટ તા. ૧૦

રાજ્યમાં ઠેકઠેકાણે સાયબર ફ્રોડથી લોકોના હજારોથી માંડી લાખો અને ક્યારેક કરોડો રૂપિયા ગઠીયાઓ દ્વારા ઉસેડી લેવામાં આવે છે. આવા બનાવો રોજીંદા બની ચુક્યા છે. ગઠીયાઓ અવાર-નવાર બોસના નામે જે તે કંપનીના મેનેજર કે પછી એચઆર અથવા તો એકાઉન્ટ વિભાગના હેડને મેસેજ કરી રૂપિયા પડાવતાં હોય છે. બોસ સ્કેમના વધુ એક બનાવમાં એક બનાવમાં પંચાણુ લાખ એંસી હજાર પડાવી લેવાયા હતાં. સતત બીજા દિવસે વધુ એક કરોડ છવ્વીસ લાખ બોસના નામે ગઠીયાએ ટ્રાન્સફર કરવાનું કહેતાં એકાઉન્ટન્ટને શંકા ઉપજતાં ખરાઇ કરી ત્યારે આ ફ્રોડ હોવાની ખબર પડતાં તે સમસમી ગયો હતો. સાયબર ક્રાઇમ પોલીસે તપાસ હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના અમદાવાદમાં બની હતી. શહેરમાં એલિસબ્રિજ ખાતે આવેલી ફાઇનાન્સ કંપનીમાં કામ કરતા આધેડ વયના એકાઉન્ટન્ટને કંપનીમાં બોસના નામે સાયબર ગઠિયાઓએ મેસેજ કરીને રૂ.૯૫.૮૦ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. જે નંબર પરથી બોસ બનીને મેસેજ કરવામાં આવ્યો હતો, તે નંબર બોસના નામથી જ સેવ કરવામાં આવ્યો હતો અને બોસનો ફોટો ડીપીમાં મૂકવામાં આવ્યો હતો. બીજા દિવસે ફરીથી ગઠિયાએ બોસ બની રૂ.૧.૨૬ કરોડ ટ્રાન્સફર કરવાનું કહેતા સાયબર ફ્રોડની જાણ થઇ હતી. પોલીસ સુત્રોએ કહ્યું કે સેટેલાઇટમાં રહેતા એકાવન વર્ષીય આધેડ એલિસબ્રિજમાં આવેલી ખાનગી ફાઇનાન્સ કંપનીમાં છ મહિનાથી એકાઉન્ટન્ટ તરીકે કામ કરે છે.

કંપનીના પૈસા ટ્રાન્સફર કરવાનું કામ પણ આધેડ જ કરે છે. એકાઉન્ટન્ટને વોટ્સએપ પર કંપનીના બોસના નામથી સેવ કરેલા નંબર અને બોસના ફોટો વાળા ડીપીથી મેસેજ આવ્યો હતો. જેમાં કોઈ એકાઉન્ટ નંબર આપી તેમાં રૂ.૯૫.૮૦ લાખ ટ્રાન્સફર કરવા કહ્યું હતું. જેથી એકાઉન્ટન્ટે બોસ સમજીને પૈસા ટ્રાન્સફર કરી દીધા હતા. બીજા દિવસે પણ બોસના નંબર પરથી ફરીથી એક એકાઉન્ટ નંબર આપીને રૂ.૧.૨૬ કરોડ ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું. જેથી એકાઉન્ટન્ટે ઓફિસમાં



બોસ સાથે વાત કરી ત્યારે બોસે તે મેસેજ ન કર્યો હોવાનું જણાવ્યું હતું. બોસે અગાઉ પણ મેસેજ નહતો કર્યો તેની પણ જાણ થઈ હતી.

જેથી અજાણ્યા ગઠિયાએ કંપનીનો મોબાઇલ અને કોમ્પ્યુટર હેક કરીને અજાણ્યો નંબર બોસના નામે સેવ કરી બોસનો ફોટો ડીપી તરીકે વાપરીને એકાઉન્ટન્ટને મેસેજ કરીને ૯૫.૮૦ લાખ પડાવ્યા તે મામલે સાયબર ક્રાઈમે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ રીતે અગાઉ પણ રાજકોટ સહિતના શહેરોમાં કરોડોની ઠગાઇ થઇ ચુકી હતી. ત્યાં આ વધુ એક બનાવમાં સાયબ ગઠીયાઓ કરોડ આસપાસની રકમ ઉસેડી ગયા હતાં.

બીજી તરફ સુરત પોલીસે સાયબર ઠગોને બાર હજાર માટે એકાઉન્ડ ભાડે આપનારા વેપારીની ધરપકડ કરી હતી. આ એકાઉન્ટમાં ફ્રોડના એક કરોડ છત્રીસ લાખના વ્યવહારો મળ્યા હતાં. ઓનલાઈન પ્લેટફોર્મ પર સામાન્ય નાગરિકોને શિકાર બનાવી લાખો રૂપિયા પડાવતા સાયબર અપરાધીઓ સામે સુરત સાયબર ક્રાઇમ સેલે કાર્યવાહી કરી મુંબઈમાં ખુદનો ધંધો-વેપાર ધરાવતો છેતાલીસ વર્ષીય વેપારી ઈમરાન ખીલચીને પકડ્યો છે. તે આંતરરાષ્ટ્રીય સાયબર માફિયાઓ સાથે મળી આ ગુનાહિત નેટવર્ક ચલાવતો હોવાનું સામે આવ્યું છે.

એક જાગૃત નાગરિક સાથે ડેટિંગ એપ મારફતે સંપર્ક સાધી, ઈ-કોમર્સ બિઝનેસમાં ચા વળતરની લાલચ આપી ભોગ બનનાર પાસેથી અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ ૫,૮૮,૯૦૯ ટ્રાન્સફર કરાવી આ વેપારી અને તેની ટોળકીએ ગુનો આચર્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે સાયબર ઠગોએ ફરિયાદીને વિશ્વાસમાં લીધા બાદ એક બોગસ ઈ-કોમર્સ વેબસાઈટની લિંક મોકલી હતી. આ ફેક પોર્ટલ પર ફરિયાદીનું આઈડી બનાવડાવી મોટો નફો મેળવવાના બહાને લાખોનું રોકાણ કરાવ્યું હતું. ફરિયાદીએ નાણાં જમા કરાવ્યા બાદ કોઈ જ વળતર ન મળતાં તેમજ મૂળ રકમ પણ અટવાઈ જતાં પોતે છેતરાયા હોવાનું માલૂમ પડ્યું હતું.

સમગ્ર મામલે ભોગ બનનારે સુરત શહેર સાયબર ક્રાઇમ સેલમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ટેકનિકલ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે મુંબઈના ગ્રાન્ટ રોડ સ્ટેશન નજીક આવેલા રહેમવિલામાં દરોડો પાડી ૪૬ વર્ષીય વેપારી ઈમરાન યુસુફ બફાતી ખીલચીને ઝડપી લઈ વધુ તપાસ યથાવત રાખી હતી. તેના ખાતામાં ૧,૩૬,૦૫,૫૫૦ના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન્સ મળી આવ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા આ સાયબર સિન્ડિકેટમાં સંડોવાયેલા અન્ય આરોપીઓ તથા દુબઈના મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા સુરત પોલીસે વેપારીના રિમાન્ડ મેળવી ડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી.

બસ સ્ટેન્ડ પર છવાશે નારીશક્તિનો હુનર

વોકલ ફોર લોકલ મંત્ર થશે સાર્થક : CM

નવરાત્રિ પૂર્વે રાજકોટમાં CMની બહેનોને આત્મનિર્ભરતાની મોટી ભેટ : રાજ્યમાં ૧૩૬ 'ગ્રામ હાટ'નો ધમાકેદાર પ્રારંભ : સખી મંડળોના ઉત્પાદનોને મળશે ગ્લોબલ બજાર







રાજકોટ, તા. ૧૦

ગુજરાત સરકારે રાજ્યની મહિલાઓને આર્થિક રીતે સશક્ત અને આત્મનિર્ભર બનાવવા માટે વધુ એક ઐતિહાસિક અને પ્રભાવશાળી કદમ ભર્યું છે. નવરાત્રિના પાવન પર્વના આગલા દિવસે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતેથી રાજ્યના ૨૭ જિલ્લાના બસ સ્ટેશનો પર સખીમંડળ સંચાલિત ૧૩૬ જેટલા 'ગ્રામ હાટ'નું ઈ-લોકાર્પણ કર્યું હતું. ''ગૃહ નારી''ને ''લક્ષ્મી સ્વરૂપા'' બનાવતી આ વિવિધ લોકકલ્યાણકારી પહેલોના શુભારંભ સાથે જ રાજકોટમાં ત્રિ-દિવસીય 'સરસ મેળા'નો પણ ધમાકેદાર પ્રારંભ થયો હતો.

ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની (GLPC) દ્વારા આયોજિત આ વિશાળ કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, મહિલાઓને વિકાસયાત્રામાં માત્ર લાભાર્થી નહીં, પરંતુ 'ડેવલપમેન્ટ પાર્ટનર' બનાવવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સ્પષ્ટ નિર્ધાર છે. મુખ્યમંત્રીએ સૌને આગામી નવરાત્રિ પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવતા ઉમેર્યું હતું કે, શક્તિ ઉપાસનાના આ પર્વ પૂર્વે નારીશક્તિને સમૃદ્ધ કરવી એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

આજે શરૂ કરાયેલી ગ્રામ હાટની પહેલ વિશે વિગતવાર માહિતી આપતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના ૧૩૬ બસ સ્ટેશનોમાં સખીમંડળ સંચાલિત ગ્રામહાટના શુભારંભ સાથે કુલ ૧૩ એમ.ઓ.યુ. સંપન્ન થયા છે. હવે બસ સ્ટેશનો અને રેલવે સ્ટેશનો પર સ્વસહાય જૂથની બહેનો દ્વારા નિર્મિત હસ્તકલાની ચીજવસ્તુઓ અને ગૃહ ઉદ્યોગની ખાદ્ય સામગ્રી સરળતાથી વેચાણ માટે ઉપલબ્ધ થશે. આ વ્યવસ્થા ગોઠવાથી ગ્રામીણ માતા-બહેનોના ઉત્પાદનોને એક વિશાળ બજાર મળશે અને વડાપ્રધાનના 'વોકલ ફોર લોકલ' મંત્રને પણ નવું બળ મળશે.

મહિલાઓને માત્ર ઉત્પાદક જ નહીં, પરંતુ સફળ ડિજિટલ ઉદ્યોગ સાહસિક બનાવવા માટે પણ સરકારે વિશેષ આયોજન કર્યું છે. NIFT, MICA, EDII જેવી દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા આ બહેનોને પ્રોફેશનલ મેન્ટરશિપ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ ઉપરાંત, અમૂલ સાથે થયેલા મહત્વપૂર્ણ સમજૂતી કરાર (ખજ્ઞઝ) અનુસાર રાજ્યના ૧૮,૦૦૦ ગામડાઓમાં મહિલા સંચાલિત મિલ્ક પાર્લરો શરૂ કરવામાં આવશે, જે ગ્રામીણ અર્થવ્યવસ્થાને નવો વેગ આપશે.

વડાપ્રધાનના 'વુમન લેડ ડેવલપમેન્ટ' મિશનનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આજે રાજ્યભરમાં અઢી લાખ જેટલા સખીમંડળોની ૩૦ લાખ ગ્રામીણ બહેનો પોતાના કૌશલ્ય અને મહેનતથી માતબર આર્થિક આવક મેળવતી થઈ ચૂકી છે. મહિલાઓની આર્થિક ઉન્નતિ માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં સરકાર ક્યારેય પાછીપાની કરતી નથી. ગત વર્ષે આ ક્ષેત્રે રૂ. ૮૦૦ કરોડની સહાય આપવામાં આવી છે અને આગામી સમયમાં તેમાં અનેકગણો વધારો કરવામાં આવશે. વર્ષ ૨૦૨૯ સુધીમાં દેશમાં ૬ કરોડ 'લખપતિ દીદી' બનાવવાની નેમ છે, જેની સામે એકલા ગુજરાતમાં અત્યાર સુધીમાં ૮.૫ લાખથી વધુ બહેનો 'લખપતિ દીદી' બનીને આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ચૂકી છે. પ્રધાનસેવક તરીકે નરેન્દ્ર મોદીએ હંમેશાં નારીશક્તિના ગૌરવ અને સશક્તિકરણને સર્વોપરી રાખ્યું છે.

રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં લાઈવલીહુડ પ્રમોશન કંપનીની સ્થાપનાથી સખીમંડળોની રચના થઈ અને લાખો મહિલાઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. મુખ્યમંત્રીના નેતૃત્વમાં આજે રાજ્યમાં ૩ લાખથી વધુ સખીમંડળો કાર્યરત છે. સહકાર અને પશુપાલન વિભાગના પરસ્પર સંકલનથી મહિલાઓની આર્થિક ઉડાનને હવે વધુ મજબૂત પાંખો મળશે.

ગ્રામવિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના સુશાસનના વર્ષો દરમિયાન 'મિશન મંગલમ' અભિયાન ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણ માટે સીમાચિહ્ન રૂપ સાબિત થયું છે. ગ્રામીણ મહિલાઓ હવે ચાર દીવાલ કે ઘરકામ પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ પોતાની કલા અને કૌશલ્યના બળે રાજ્ય અને દેશના વિકાસમાં યોગદાન આપી રહી છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યભરમાં યોજાયેલા ૨૩૬ સરસ મેળાઓમાં ૮,૫૦૦ જેટલા સ્વસહાય જૂથો દ્વારા અંદાજે રૂ. ૪૦ કરોડનું જંગી વેચાણ કરવામાં આવ્યું છે, જે બહેનોની વ્યાપારિક સક્ષમતાની સાક્ષી પૂરે છે. મુખ્યમંત્રીએ રાજકોટ આગમન બાદ રેસકોર્સ ખાતે ત્રિ-દિવસીય સરસ મેળાની મુલાકાત લીધી હતી અને સ્વસહાય જૂથની બહેનો સાથે ખુલ્લા મને સંવાદ કર્યો હતો. બહેનોએ મુખ્યમંત્રી સમક્ષ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સરસ મેળામાં તેમને વેચાણ માટે વિનામૂલ્યે સ્ટોલ ફાળવવામાં આવ્યા છે, જેના કારણે તેમને કોઈપણ પ્રકારના ભાડાની ચિંતા કર્યા વિના પોતાનો વ્યવસાય આગળ વધારવાની ઉત્તમ તક મળી છે.

કાર્યક્રમમાં અંત્યોદયના માનવીની ચિંતા કરતા રાજકોટ જિલ્લાના વિચરતી અને વિમુક્ત જાતિના ૧૩૯ જરૂરિયાતમંદ પરિવારોને રહેણાંક હેતુ માટે વિનામૂલ્યે જમીન પ્લોટના હુકમો પણ એનાયત કરાયા હતા. કાર્યક્રમના પ્રારંભે ઋક્કર્ઈના મેનેજિંગ ડિરેક્ટર પ્રાસ્તિ પારીકે સ્વાગત પ્રવચન કરી સમગ્ર આયોજનની રૂપરેખા રજૂ કરી હતી. આ અવસરે મેયર ડો. નેહલ શુક્લ, જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, સાંસદ પરશોત્તમ રૂપાલા, ધારાસભ્યો, ગ્રામ વિકાસ વિભાગના કમિશનર ધનંજય દ્વિવેદી, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં નારીશક્તિ ઉપસ્થિત રહી હતી.

રાજ્યભરમાં નવો રાહ ચીંધશે

બેફામ બનેલા ભેળસેળિયાઓ સામે મનપા લડી લેવાના મૂડમાં

ફૂડ સેફ્ટી એક્ટમાં કડક સુધારા માટે ૧૭મીએ જનરલ બોર્ડમાં ઠરાવ



રાજકોટ, તા. ૧૦

રાજકોટ શહેરમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા ખાદ્ય પદાર્થોના ભેળસેળિયા તત્વો સામે મહાનગરપાલિકાની ફૂડ શાખા હાલ 'હાથ બંધાયેલા' જેવી લાચાર સ્થિતિમાં મુકાઈ ગઈ છે. વર્તમાન નિયમો મુજબ ફૂડ શાખા પાસે માત્ર દુકાનો કે ગોડાઉન 'સીલ' કરવા સિવાય કોઈ મોટી કાનૂની સત્તા ન હોવાથી શહેરમાં મિલાવટખોરોનો ત્રાસ અનેકગણો વધી ગયો છે. આ ગંભીર સમસ્યાને ડામવા માટે મનપાએ કમર કસી છે અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટમાં ધરખમ સુધારા સૂચવતો એક વિશેષ અને ધારદાર ઠરાવ તૈયાર કર્યો છે, જે આગામી તારીખ ૧૭ ના રોજ મળનારી જનરલ બોર્ડની બેઠકમાં મંજૂર કરી આખરી મંજૂરી માટે રાજ્ય સરકારને મોકલવામાં આવશે.

કેન્દ્ર સરકાર દ્વારા ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ અંતર્ગત નિયમો ખૂબ કડક બનાવવામાં આવ્યા છે, પરંતુ કાયદાકીય કાર્યવાહીની મોટાભાગની સત્તાઓ 'વિજિલન્સ' વિભાગને સોંપવામાં આવી હોવાને કારણે સ્થાનિક મહાનગરપાલિકા કે નગરપાલિકા દ્વારા રૂટિન ચેકિંગ કે કામગીરી દરમિયાન ધાર્યા પગલાં લઈ શકાતા નથી. આ જટિલ વ્યવસ્થાના લીધે સ્થાનિક સ્તરે નિયમોની સચોટ અમલવારી થઈ શકતી નથી અને અંતે તેની ગંભીર અસર સામાન્ય પ્રજાના આરોગ્ય પર પડી રહી છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને ફૂડ શાખાને પૂરતી સત્તાઓ સોંપવા તેમજ વર્તમાન નિયમોમાં જરૂરી સુધારા-વધારા કરવા માટે મનપાના લીગલ વિભાગને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી, જેના આધારે આ નવો પ્રસ્તાવ તૈયાર કરાયો છે.

આ સમગ્ર મુદ્દે મેયર નેહલ શુક્લે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના વર્તમાન નિયમોની સીધી અને સરળ અમલવારી સ્થાનિક કક્ષાએ મનપા જાતે કરી શકે તેવી સ્થિતિ નથી અને આજના સમયમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પાસે વધુ સત્તાઓ હોવી અનિવાર્ય બની ગઈ છે. આ જ કારણોસર ફૂડ શાખાને વધુ સત્તાસંપન્ન બનાવવા અને કાયદામાં જરૂરી સુધારા કરવા માટેની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આગામી તારીખ ૧૭ ના રોજ મળનાર જનરલ બોર્ડમાં આ ઠરાવને મંજૂરી આપ્યા બાદ તેને સરકારમાં મોકલવામાં આવશે અને ત્યાંથી મંજૂરી મળ્યેથી સમગ્ર રાજ્યમાં તેની સત્તાવાર અમલવારી શરૂ થઈ જશે, જેનાથી મિલાવટખોરોમાં પણ ભારે ફફડાટ ફેલાઈ જશે તેવી પૂરી આશા છે.

સરદાર સરોવર છલોછલ પણ સૌરાષ્ટ્ર હજુ તરસ્યું

'સૌની યોજના'નું પાણી બંધ થતાં આક્રોશ, દિવાળી પછી જળસંકટના એંધાણ!

રાજકોટ, તા. ૧૦

અત્યારે એક તરફ ગુજરાતની અસલી જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ પોતાની પૂર્ણ સપાટી સુધી ભરાઈને છલોછલ થઈ ગયો છે, ત્યારે જ બરાબર બીજી તરફ સૌરાષ્ટ્રના ખૂણે-ખૂણે પાણી પહોંચાડતી મહત્વકાંક્ષી 'સૌની યોજના' હેઠળ જળાશયોમાં નર્મદાનીર ઠાલવવાનું બંધ કરી દેવામાં આવતાં મોટો દેકારો બોલી ગયો છે. છેલ્લા એક સપ્તાહથી પણ વધુ સમયથી રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના ડેમોમાં પાણી ઠાલવવાનું અચાનક અટકાવી દેવામાં આવ્યું છે, જેના કારણે સ્થાનિક જનતા અને ખેડૂતોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. ચોંકાવનારી વાત તો એ છે કે 'સૌની યોજના' લિંક-૧ હેઠળ ભાવનગર અને બોટાદ જિલ્લાના કેટલાક જળાશયોમાં હજુ પણ નર્મદાના નીર સતત ઠાલવવામાં આવી રહ્યા છે, જ્યારે રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, અમરેલી અને જૂનાગઢ એમ સૌરાષ્ટ્રના મુખ્ય ૮ જિલ્લાઓના જળાશયોમાં પાણી નાખવાનું અઠવાડિયાથી સંપૂર્ણપણે બંધ કરી દેવાયું છે. એક જ રાજ્ય અને એક જ યોજનામાં આ પ્રકારે થઈ રહેલા ભેદભાવ સામે પણ હવે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર, નર્મદા કેનાલના મેઇન્ટેનન્સ કામગીરીના બહાના હેઠળ શટડાઉન લેવામાં આવ્યું હતું અને સ્થાનિક કક્ષાએથી એવી જાહેરાત કરવામાં આવી હતી કે માત્ર ત્રણથી ચાર દિવસ જ નર્મદાનું પાણી બંધ રહેશે. પરંતુ આ જાહેરાત કર્યાને આજે એક સપ્તાહ કરતાં પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં સૌની યોજનાનું નર્મદાનીર પુનઃ શરૂ કરવામાં આવ્યું નથી. પરિણામે સૌરાષ્ટ્રના મોટાભાગના જળાશયોની પાણીની સપાટી હવે ખૂબ જ ઝડપભેર ઘટી રહી છે. ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં અપૂરતો અને છૂટોછવાયો વરસાદ થયો હોવાથી મોટાભાગના ડેમો અને જળાશયો અડધા કે ખાલી જ રહ્યા છે. જો આવી સ્થિતિમાં સમયસર ડેમોમાં નર્મદાનું પાણી ઠાલવવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં દિવાળીના તહેવારો પૂરા થતાં જ અને શિયાળાના પ્રારંભે જ પીવાના તેમજ સિંચાઈના પાણીનો વિકટ પ્રશ્ન મોં ફાડીને ઊભો રહેશે તે લગભગ નિશ્ચિત બની ગયું છે.

સૌથી ગંભીર અને વિમાસણજનક બાબત તો એ છે કે 'સૌની યોજના'નું નર્મદાનીર બંધ કર્યા બાદ તે ક્યારથી ફરી શરૂ કરવામાં આવશે તે અંગે પાણી પુરવઠા કે સિંચાઈ વિભાગ દ્વારા કોઈ જ સત્તાવાર જાહેરાત કે સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ અચાનક લેવાયેલા નિર્ણય અને તંત્રના અકળ મૌનને કારણે સૌરાષ્ટ્રના સ્થાનિક રાજકીય નેતાઓ, જવાબદાર અધિકારીઓ અને ઈજનેરો પાસે પણ જનતા અને માધ્યમોને આપવા માટે કોઈ સ્પષ્ટ જવાબ ઉપલબ્ધ રહ્યો નથી. ડેમ ભરેલો હોવા છતાં સૌરાષ્ટ્રના ડેમોને તરસ્યા રાખવા પાછળનું સાચું કારણ શું છે અને જળસંકટ ઘેરાય તે પહેલાં તંત્ર ક્યારે જાગશે, તે પ્રશ્ન હાલ સમગ્ર સૌરાષ્ટ્રમાં ચર્ચાનો વિષય બન્યો છે.

જિલ્લા પંચાયતમાં વિવાદની આગ

ચેમ્બરની ફાળવણી-બિલોના ચુકવણા મુદ્દે વિપક્ષનો હોબાળો

૪-૫ મહિનાથી ચેમ્બર માટે રજૂઆતો છતાં તંત્ર ઉંઘતું રહ્યું; ૨-૩ દિવસમાં ઉકેલ નહીં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે ધરણાઓ અને હોદ્દેદારોની ચેમ્બરો બંધ કરાવવાની ચીમકી!



રાજકોટ, તા. ૧૦

રાજકોટ જિલ્લા પંચાયતનું રાજકારણ અને વહીવટી ક્ષેત્રે ચાલતી મનમાની ફરી એકવાર ભારે ચર્ચાના કેન્દ્રસ્થાને આવી છે. જિલ્લા પંચાયતમાં વિરોધ પક્ષ અને શાસક પક્ષ વચ્ચેનો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે, જેમાં ખાસ કરીને તંત્ર દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની કરવામાં આવતી સતત અણદેખી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિકાસના અટકેલા કામો, કાગળ પર જ રહેતી યોજનાઓ, વિકાસકામોના બિલોની અસ્પષ્ટ ચૂકવણીઓ અને ચૂંટાયેલા સભ્યોને મળવાપાત્ર પ્રાથમિક સુવિધાઓનો વારંવાર અનાદર થતાં વહીવટી તંત્રની કાર્યશૈલી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

જિલ્લા પંચાયતના મહિલા વિપક્ષી સભ્ય દ્વારા ચેમ્બર ફાળવણી જેવા પાયાના પ્રશ્નથી લઈને સમગ્ર વહીવટના હિસાબો સુધીના મુદ્દાઓ પર તંત્રને બોદા સાબિત કરવાનો પ્રયાસ કરાયો છે. પ્રાપ્ય વિગતો અનુસાર, જિલ્લા પંચાયતમાં પોતાની ન્યાયિક અને બંધારણીય ભૂમિકા ભજવવા માટે મહિલા સભ્ય દ્વારા અગાઉ બે-બે વખત લેખિત અરજીઓ કરી ચેમ્બર ફાળવવાની માંગ કરવામાં આવી હતી. આશ્ચર્યજનક વાત એ છે કે છેલ્લા ચારથી પાંચ મહિના જેટલો લાંબો સમય વિતી ગયો હોવા છતાં આ રજૂઆતનો કોઈ નિકાલ લાવવામાં આવ્યો નથી.

ભૂતકાળના અહેવાલો અને નિયમોને ટાંકીને તંત્ર સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૬ના સમયગાળાની યાદ અપાવતા સભ્યોએ જણાવ્યું છે કે, તે સમયે માત્ર બે જ બેઠકો ભાજપની હોવા છતાં ચૂંટાયેલા સભ્યોને યોગ્ય રીતે ચેમ્બર ફાળવવામાં આવી હતી. તો પછી વર્તમાન સમયે અન્ય સભ્યોને ચેમ્બર ફાળવવામાં આટલો લાંબો વિલંબ શા માટે કરવામાં આવી રહ્યો છે? આ અંગે જિલ્લા પંચાયતના પ્રમુખ તેમજ જિલ્લા વિકાસ અધિકારી (ઉડય) સમક્ષ રૂબરૂ અને લેખિત બંને પ્રકારે રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા મૌન ધારણ કરી લેવામાં આવ્યું છે. આ નિષ્ક્રિયતા સામે આકરા પાણીએ થઈ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો આગામી બે થી ત્રણ દિવસમાં યોગ્ય જવાબ કે ઉકેલ નહીં મળે તો અન્ય પદાધિકારીઓની ચેમ્બરો પણ બંધ કરાવવામાં આવશે અને ગાંધીચિંધ્યા માર્ગે રસ્તા પર ઉતરી ધરણા પ્રદર્શન કરવાની ફરજ પડશે.

બીજી તરફ, વહીવટી તંત્ર દ્વારા એક બાજુ વિકાસકામો સમયમર્યાદામાં પૂરા કરવાની મોટી મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ચૂંટાયેલા સભ્યોએ પોતાના વિસ્તારના નાના-મોટા કામો માટે પણ વારંવાર કાલાવાલા કરવા પડે છે. આ ઉપરાંત, સ્થળાંતર ભથ્થાની તપાસ પણ છેલ્લા લાંબા સમયથી પ્રક્રિયા હેઠળ બતાવવામાં આવે છે, જેનો હજુ સુધી કોઈ જ આખરી ઉકેલ આવ્યો નથી. વચગાળાના સમયમાં સત્તાધિશોમાં પણ ફેરફારો થઈ ગયા પરંતુ સવાલોના જવાબો અધ્ધરતાલ જ રહ્યા છે.

ગામડાઓના વિકાસ અને પંચાયતી રાજના આર્થિક વહીવટ અંગેની ગંભીરતા ત્યારે બહાર આવી જ્યારે અગાઉની સામાન્ય સભામાં આ મુદ્દો જોરશોરથી ઉઠાવવામાં આવ્યો હતો. તે સમયે સત્તાધીશો દ્વારા વહીવટી પારદર્શિતાનો દાવો કરીને ૧૫ દિવસની અંદર સમગ્ર તપાસ રિપોર્ટ (ઇન્ક્વાયરી રિપોર્ટ) સોંપવાની ખાતરી આપવામાં આવી હતી. જોકે, આ બાંયધરીને ૧૮ દિવસથી પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી કોઈ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી. હવે તમામ બિલ-ચુકવણીના હિસાબો સહિતનો સંપૂર્ણ રિપોર્ટ સાર્વજનિક કરવાની માંગ ઉઠી છે. આ સાથે માર્ગ અને મકાન વિભાગને કરવામાં આવેલી સત્તાવાર રજૂઆતોમાં નવા જિલ્લા પંચાયત બિલ્ડિંગની નિર્ધારિત સમયમર્યાદા અને અધૂરા રહેલા બાંધકામો અંગે પણ કડક સવાલો પૂછવામાં આવ્યા છે. આમ, રાજકોટ જિલ્લા પંચાયતમાં પ્રજાપ્રતિનિધિઓની વારંવારની રજૂઆતો છતાં સમયસર કોઈ નિકાલ ન આવતાં આખુંય વહીવટી તંત્ર હવે શંકાના દાયરામાં આવી ગયું છે.